


# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષ: ૦૧ અંક : ૩૦૨ તા.૦૩.૦૭.૨૦૨૪, બુધવાર પાના: ૬ કિંમત: રૂા.૧ રજી.ઓફિસ: ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 302 Dt. 03-07-2024, Wednesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

બદલાવ જો હિતમાં હોય તો કોઈ સંકોચ વગર બદલાઈ જવું જોઈએ !!

# યુપીના હાથરસમાં મોતનો સત્સંગ નાસભાગથી ૧૨૨ના મોતથી અરેરાટી !

















**હાથરસમાં હાહાકાર :** યુપીના હાથરસમાં ભોલે બાબાના સત્સંગ દરમિયાન નાસભાગ મચી ગઈ હતી. જેમાં ૧૨૨ લોકોના મોતથી હાહાકાર મચ્યો હતો.ભોલે બાબા નારાયણ હરિનો સંત્સગ યોજાયો હતો જેમાં આ દુર્ધટના સર્જાઈ હતી ધટના બાદ સર્જાયેલા દ્રશ્ર્યો વિચલીત કરે તેવા હતા પરિવારના આંક્દ વચ્ચે હોસ્પિટલ તથા પંડાલ બહાર મૃત્દેહો એમજ પડ્યા હતા અસુવિદ્યાના અનેક તસ્વીરો સામે આવી હતી વડાપ્રધાન સહિત અનેક નેતાઓએ શોક વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી આજે હાથરસ જશે. અપુરતી વ્યવસ્થા વચ્ચે લોકોની સંખ્યા વધ્યા બાદ નાશભાગ થતા આ ધટના બની હતી. સમગ્ર ઘટનાનો અહેવાલ મુખ્યમંત્રી કાર્યાલયમાંથી મંગાવવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારે મૃતકો અને ધાયલો માટે સહાયની જાહેરાત કરી છે. પરંતુ સૌથી વધુ ચર્ચા અહી સર્જાયેલી અરાજકતાની થઈ રહી છે. ભાગદોડથી લઈ હોસ્પિટલમાં સર્જાયેલી અફરાતરફને કારણે મૃત્કોના સ્વજન,બચાવકર્તાને ભારે હાલાકી સર્જાઇ હતી તો રાહત બચાવ કાર્યમાં પણ મોડુ થયુ હોવાની ફરીયાદો ઉઠી હતી. મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો છે કે આ ઘટના માટે કોઈ પણ જવાબદાર હોય, તેને બક્ષવામાં આવશે નહીં. તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.તકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. તે જ સમયે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાયની વાત કરવામાં આવી છે. ત્યારે જો કે આ ધટના માટે જવાબદાર કોણ તે સૌથી મોટો પ્રશ્ર્ન છે.

**હાથરસમાં ભોલે બાબાના સત્સંગ દરમિયાન નાસભાગ મચી ગઈ હતી જેમા અનેકના મોત થયા હતા. અનેક શ્રદ્ધાળુઓ ઘાયલ થયા જેમાથી ઘણાની હાલત નાજુક હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.ધટના બાદ હ્દયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા હોસ્પિટલની બહાર વેરવિખેર મૃતદેહો પડ્યા હતા સમગ્ર દેશમા અરેરાટી**

## સંસદમાં જાતિવાદી હોબાળા વચ્ચે...

રાહુલ ગાંધીના હિન્દુત્વ પરના એક નિવેદનને કારણે દેશનુ રાજકારણ ગરમાયુ છે. સંસદથી લઈને સડક સુધી તેનો વિરોધ થઈ રહ્યો છે. ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં આજે તેનો હિંસક વિરોધના દ્રશ્યો પણ સામે આવ્યા હતા તો સંસદમાં આજ મુદ્દે કલાકો ચર્ચા-હોબાળો અને રાજકીય નિવેદનબાજી થઈ હતી. જો કે તે વચ્ચે હાથરસમાં ૧૨૨ લોકો મોતને ભેટ્યા તેના પર કોઈનુ ધ્યાન ન ગયુ ધટનાના કલાકો બાદ કેન્દ્રીય નેતાઓએ આ ધટના પર પોતાની પ્રતિક્રીયા આપી હતી. જો કે સોસીયલ મિડીયામાં આ બાબતને લઈને લોકોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો. અને જાતીવાદી રાજકારણ વચ્ચે યુપીમાં સર્જાયેલી દુર્ધટના બાદની સ્થિતી અંગે લોકોએ સવાલો ઉભા કર્યા હતા.ધટનાના કલાકો બાદ વડાપ્રધાન રાહુલ ગાંધી, રાષ્ટ્રપતિ સહિતના ભાજપ-કોગ્રેસના નેતાઓએ પોતાની પ્રતિક્રીયા આપી શોક વ્યક્ત કર્યો હતો. બીજી તરફ સંસદમા સતત જાતીવાદી નિવેદન અને ભગવાનના ફોટા સાથે રાહુલ ગાંધીએ કરેલા નિવેદન પર ભારે હોબાળો થયો હતો. જો કે આ ધટના આકસ્મીક છે. પરંતુ વાત અહી પછીની સ્થિતીની છે. હોસ્પિટલમાં અપુરતી સારવાર અને મૃત્દેહો રખડતા પડ્યા હતા. જેને લઈને સોસીયલ મિડીયામાં લોકોએ ભારે ટીકા કરી હતી વાત દેશના વિકાસની હોય કે અન્ય મુદ્દે ચર્ચાની સંસદમાં એક તરફ જ્યા આવા મુદ્દે હોબાળો ચાલી રહ્યો હતો ત્યારે હજારો લોકો યાતનાઓ ભોગવી રહ્યા હતા. તમામ રાજકીય પક્ષોએ આ અંગે વિચારવુ પડશે. જો કે સંસદમાં જાતીવાદ, નિવેદનો,ભારતના વિકાસના રોડમેપ સહિતના મુદ્દે ચર્ચા ચાલુ હતી તે વચ્ચે હાથરસમા સર્જાયેલા હાહાકારમાં વહિવટીતંત્રની ઘોર બેદરકારી સામે આવી છે ઘટના બાદ ઘણા સમય સુધી ના કોઈ ઉચ્ચ અધિકારી કે ના કોઈ સિનિયર ડોક્ટર ઘટનાસ્થળ પર પહોંચ્યો હતો. ઘણા સમય સુધી સત્સંગ પંડાલમાં લોકોના મૃતદેહો પડ્યા રહ્યા હતા. ત્યારબાદ મૃતદેહોને ટેમ્પો અને અન્ય ગાડીઓ મારફતે શબઘર પહોંચાડવામાં આવ્યા હતા. ઘટના સ્થળ પર એમ્બ્યુલન્સના અભાવે ઘણા લોકોના મોત થયા હોવાની પણ વાત સામે આવી છે.જો કે દુર્ધટના અને લોકોના આક્રોશ પછી મુખ્યમંત્રી કાર્યાલયે પણ સંજ્ઞાન લીધું હતું. ઘાયલોને તાત્કાલીક સારવારથી લઈ રાહત અને બચાવ કાર્યમાં ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા હતા પરંતુ ત્યા સુધી મોડુ થઈ ગયુ હતુ. ઘણા સમય સુધી ઘટનાસ્થળ પર કોઈપણ ડોક્ટર, એમ્બ્યુલન્સ કે મૃતદેહો લઈ જનારા આવ્યા ન હતા. તસ્વીરમાં ભારે અરાજકતા ભર્યા દ્રશ્ર્યો સામે આવ્યા હતા જે વિચલીત કરે તેવા છે. દરેક રાજકીય પાર્ટીના ચુંટાયેલા પ્રતિનીધીઓએ આ તરફ ધ્યાન દેવાની પણ જરૂર છે. વડાપ્રધાને ચાલુ ભાષણ દરમ્યાન સંસદમાં દુખ વ્યક્ત કર્યુ હતુ.

# અપુરતી વ્યવસ્થા...ભાગદોડ અને શ્રધ્ધાળુઓના ટપોટપ મોત !

ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગ દરમિયાન નાસભાગ મચતા અનેકના મોત થયા છે. ફુલરાઈ ગામમાં આયોજિત ભોલે બાબાના સત્સંગ દરમિયાન નાસભાગને કારણે મોટી દુર્ઘટ-ના સર્જાઇ હતી જેમાં નાસભાગમાં ૧૨૦ લોકોના મોત થયા હતા મૃતકોમાં મોટાભાગે મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ અકસ્માતમાં ૧૦૦થી વધુ શ્રદ્ધાળુઓ ઘાયલ પણ થયા છે. ઘટનાની જાણકારી મળ્યા બાદ ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા તેમજ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું હતુ અને અકસ્માતની તપાસ માટે એક સમિતિની રચનાની જાહેરાત કરી હતી ઘાયલોને બસ-ટેન્પોમાં ભરીને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ડીએમ અને એસપી ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં આ ઉપરાંત અનેક પોલીસ સ્ટેશનના દળોને પણ સ્થળ પર બોલાવવામાં આવ્યા હતાં લગભગ પોણા બે વાગ્યે સત્સંગ સમાપ્ત થયો અને બાબાના અનુયાયીઓ રસ્તા તરફ જવા લાગ્યા. હજારો લોકોને સેવાદારોએ રોક્યા હતા. સેવકોએ સાકર હરિ બાબાના કાફલાને ત્યાંથી બહાર કાઢ્યો. તે લાંબા સમય સુધી અનુયાયીઓ ત્યાં ગરમી અને ભેજમાં ઉભા રહ્યા. બાબાના કાફલા ગયા પછી, સેવકોએ અનુયાયીઓને જવા માટે કહ્યું કે તરત જ ત્યાં નાસભાગ મચી ગઈ. ગરમી, ભેજ અને ભીડમાં ગૂંગળામણને કારણે અનુયાયીઓ ત્યાં બેભાન થઈ ગયા હતા. એક પ્રત્યક્ષદર્શી મહિલાએ અકસ્માતની સમગ્ર ઘટના વર્ણવી છે. તેણે કહ્યું કે સત્સંગ પૂરો થયા પછી અમે જવા લાગ્યા. ત્યાં ભારે ભીડ હતી, પછી અચાનક ભીડમાં નાસભાગ મચી ગઈ. જેના કારણે ઘણા લોકો એકબીજાની નીચે દટાઈ ગયા હતા. અનેક લોકોએ જીવ ગુમાવ્યા. મારી સાથે આવેલા ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે.આ અકસ્માતની સાક્ષી જયપુરની એક મહિલાએ જણાવ્યું હતું કે સત્સંગ પૂરો થયા બાદ જ્યારે ભીડ નીકળી રહી હતી ત્યારે નાસભાગ મચી ગઈ હતી.આ ઘટનાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેમાં ઘણા લોકો હોસ્પિટલ પરિસરની બહાર બેભાન જોવા મળ્યા હતા હાથરસ દુર્ઘટના પર શોક વ્યક્ત કરતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમની એક પોસ્ટમાં કહ્યું, "હાથરસ જિલ્લામાં દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનામાં જાનહાનિ અત્યંત દુખદ અને હૃદયદ્રાવક છે. મારી સંવેદના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. રાહત અને બચાવ સંબંધિત અધિકારીઓને યુદ્ધના ધોરણે કામ કરવા અને ઘાયલોની યોગ્ય સારવાર કરવા સૂચના આપવામાં આવી છે.મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવા સૂચના આપી છે. ઈવેન્ટ આયોજકો સામે એફઆઈઆર થશે. સરકાર મોટી કાર્યવાહીની તૈયારી કરી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંબંધિત અધિકારીઓને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગી-રી હાથ ધરવા અને ઘાયલોને યોગ્ય સારવાર આપવા સૂચના આપી છે.ઘટનાના કારણની તપાસ માટે એડીજી આગ્રા અને અલીગઢ કમિશનરની એક ટીમ બનાવવામાં આવી છે.

## દેશભરમાંથી પ્રતિક્રિયા આવી

ગંભીર અને હચમચાવતી ધટના વચ્ચે દેશના મોટા નેતાઓની પ્રતિક્રિયા સામે આવી હતી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ટ્વિટર પર લખ્યું, 'ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં દુર્ઘટનામાં મહિલાઓ અને બાળકો સહિત અનેક શ્રદ્ધાળુઓના મોતના સમાચાર હૃદયદ્રાવક છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.તેણે પોતાના એક્સ એકાઉન્ટ પર લખ્યું, 'ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં જે દુર્ઘટના થઈ તે અત્યંત દુઃખદાયક છે..કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે અમે વહીવટીતંત્રને વિનંતી કરીએ છીએ કે ઘાયલોની સારવારમાં કોઈ કસર છોડવામાં ન આવે અને વિપક્ષી પાર્ટીઓના કાર્યકર્તાઓને વિનંતી કરીએ કે તેઓ પીડિતોને તમામ શક્ય મદદ કરે. શિવપાલ યાદવે કહ્યું- આ ઘટના અત્યંત દુઃખદ અને આઘાતજનક છે. ઘટના પર દુખ વ્યક્ત કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ટ્વિટર પર લખ્યું, 'ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગ દરમિયાન નાસભાગને કારણે ઘણા ભક્તોના મોતના સમાચાર અત્યંત દુઃખદાયક છે. તમામ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરતાં, હું ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની આશા રાખું છું. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ હાથરસની ઘટના તેમજ આગરામાં થયેલા અકસ્માતનો ઉલ્લેખ કર્યો છે. તો અખીલેશ યાદવ તથા ડિમ્પલ યાદવે પણ ધટના પર શોક વ્યક્ત કર્યો હતો

## યુએસ-યુકે સહિતના દેશોમાં કોરોનાના કેસોમાં વધારો

વોશિંગ્ટન, તા.૨

ઘણા દેશોમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર વાયરસમાં ફરી એકવાર એક નવું પરિવર્તન સામે આવ્યું છે જેના કારણે એક નવું પ્રકાર એલબી.૧ બહાર આવ્યો છે. યુએસ અને યુકે સહિત ઘણા દેશોમાં આ નવા વેરિઅન્ટ ને કારણે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના રિપોર્ટ અનુસાર, નવું વેરિઅન્ટ ઘણા મામલાઓમાં પડકારરૂપ બની શકે છે, એવી આશંકા છે કે તે ટૂંક સમયમાં કોરોનાના પહેલાના વેરિઅન્ટ KP.3ને પાછળ છોડી શકે છે.

સીડીસીએ તેના રિપોર્ટમાં કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં કોરોનાના લગભગ ૧૭.૫% નવા કેસ માટે આ વેરિઅન્ટ ને મુખ્ય કારણ માનવામાં આવે છે. સીડીસીના પ્રવક્તા ડેવિડ ડાઈગલે એક નિવેદનમાં કહ્યું, "અમે કોરોનાના તમામ પ્રકારો પર સતત નજર રાખીએ છીએ." કેટલાક દેશોમાંથી ચેપના વધતા જતા કેસોના અહેવાલો છે, ઘણા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની પણ જરૂર પડી રહી છે. કોરોનાના નવા પ્રકારને લઈને દરેક વ્યક્તિએ સાવચેત રહેવાની જરૂર છે.

સીડીસીએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, આ વેરિઅન્ટ ખૂબ જ ઓછા સમયમાં ઝડપથી વધી રહ્યો છે. જો કે, હાલમાં એવા કોઈ પુરાવા નથી કે નવા પ્રકાર હાલના KP.3 વેરિઅન્ટ કરતાં વધુ ચેપી છે અથવા તે ગંભીર રોગોનું કારણ બને છે? નવા વેરિઅન્ટ વિશેની પ્રાથમિક માહિતી અનુસાર, LB.1 ની મોટાભાગની પ્રકૃતિ KP.3 જેવી જ જોવા મળે છે. જો કે, નવા પ્રકારમાં વધારાનું પરિવર્તન જોવા મળ્યું છે જે સંભવિતપણે તેની ચેપીતામાં વધારો કરી શકે છે.સીડીસીના પ્રવક્તા ડેવિડ સમજાવે છે કે, પ્રારંભિક અભ્યાસના આધારે, અમે કહી શકીએ છીએ કે નવા વેરિઅન્ટના સ્પાઈક પ્રોટીનમાં જોવામાં આવેલ વધારાનું પરિવર્તન તે કેટલાક લોકોને વધુ સરળતાથી સંક્રમિત કરવાની ક્ષમતા આપે છે. અહીં નોંધનીય બાબત એ છે કે નવા વેરિઅન્ટના સ્પાઈક પ્રોટીનમાં જોવા મળેલો ફેરફાર ઓમિક્રોનના JN.1 વેરિઅન્ટ જેવો જ છે. આ પહેલા જે પ્રકારો બહાર આવ્યા છે તેમાં એક-બે મ્યુટેશન પણ જોવા મળ્યા છે. આવા ફેરફારો કદાચ તમામ નવા પ્રકારો સાથે થાય છે. આવી સ્થિતિમાં LB.1 ની પ્રકૃતિ અથવા ચેપીતામાં વધુ ફેરફાર થવાની શક્યતા ઓછી છે.સીડીસીએ જણાવ્યું હતું કે આ સમયે તે સ્પષ્ટ નથી કે LB.1 ના પોતાના ચોક્કસ લક્ષણો છે કે કેમ.

# વડાપ્રધાને "હિંસક હિન્દુ" નો જવાબ આપ્યો : સંસદમાં ભારે હોબાળો


નવીદિલ્હી,તા.૨

૧૮મી લોકસભાના પ્રથમ સત્રનો ૭મો દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન સંબંધિત આભાર પ્રસ્તાવ પર લોકસભામાં ચર્ચાનો જવાબ આપ્યો હતો પીએમ મોદી બોલવા માટે ઉભા થયા કે તરત જ વિપક્ષી સાંસદોએ હંગામો મચાવ્યો. પીએમએ થોડો સમય પોતાના વિચારો વ્યક્ત કર્યા, પરંતુ વિપક્ષે ફરી સૂત્રોચ્ચાર શરૂ કર્યા. આવી સ્થિતિમાં પીએમ મોદીએ પોતાનું ભાષણ થોડીક સેકન્ડ માટે રોકી દીધું અને સીટ પર બેસી ગયા. આ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ઠપકો આપ્યો હતો. ઓમ બિરલાએ કહ્યું કે આ યોગ્ય નથી.સુત્રોચ્ચાર વચ્ચે મોદીએ કહ્યું, "આ વિશ્વનું સૌથી મોટું ચૂંટણી પ્રચાર છે અને દેશની જનતાએ અમને ત્રીજી વખત સેવા કરવાની તક આપી છે. આ વિશ્વ માટે ખૂબ જ ગર્વની ઘટના છે. અમારી કસોટી કર્યા પછી, દેશના લોકોએ અમને આ જનાદેશ આપ્યો છે." જનતાએ જોયું કે અમે ગરીબોના કલ્યાણ માટે જે સમર્પણ કાર્ય કર્યું તેના કારણે આટલા ઓછા સમયમાં ૩૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા તે અમારા માટે આશીર્વાદ છે.પીએમ મોદીએ કહ્યું, "દરેક ભારતીય ભારતને જોવાનો ગર્વભર્યો પરિપ્રેક્ષ્ય અનુભવી રહ્યો છે. અમારું એકમાત્ર લક્ષ્ય નેશન ફર્સ્ટ છે. ભારત ફર્સ્ટ છે. અમારી દરેક નીતિ, દરેક નિર્ણય, દરેક કાર્યનો એક જ માપદંડ છે - ભારત પ્રથમ. ભારતની ભાવનામાં પ્રથમ, અમારી સરકાર સબકા સાથ, સબકા વિકાસના મંત્ર સાથે બધાનું કલ્યાણ લાવવાનો સતત પ્રયાસ કરી રહી છે.વડાપ્રધાને નીટ પેપર લીકથી લઈ રાહુલે સોમવારે આપેલા ભાષણનો પણ જવાબ આપ્યો હતો. તો મણીપુર હિંસાથી લઈ પેપર લીક સહિત અનેક મુદ્દે આજે સંસદમાં ભાષણ દરમ્યાન ભારે હોબાળો થયો હતો જે બાદ નેતાઓએ પ્રતિક્રીયા પણ આપી હતી રાહુલના ભાષણ દુર કરવા સહિતના મુદ્દે ભારે હોબાળો થયો હતો. જો કે વડાપ્રધાને પોતાનુ ભાષણ ચાલુ રાખ્યુ હતુ અને દેશના વિકાસથી લઈ કોગ્રેસ અને વિપક્ષને આડેહાથ લીધા હતા જેને કારણે સમગ્ર ભાષણ દરમ્યાન ભારે હોબાળો મચાવ્યો હતો.

## હિંદુ સમાજે વિચારવું પડશે : મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે (બીજી જુલાઈ) લોકસભામાં ધન્યવાદ પ્રસ્તાવનો જવાબ આપ્યો હતો.આ મુદ્દે તેમણે વિપક્ષને સવાલ કરતા કહ્યું કે 'આ દેશના હિંદુઓ સાથે, આ છે તમારો વ્યવહાર? થોડા દિવસ પહેલા હિંદુઓમાં જે શક્તિની કલ્પના છે, તેના વિનાશની જાહેરાત કરાઈ હતી. તમે કઈ શક્તિના વિનાશની વાત કરો છો? આ દેશ સદીઓથી શક્તિનું પાત્ર રહ્યો છે. બંગાળમાં મા દુર્ગાની પૂજા થાય છે. તમે તે શક્તિના વિનાશની વાત કરો છો? આ લોકોએ હિંદુ આતંકવાદ શબ્દ રચવાનું કાવતરું ઘડ્યું. હિંદુ ધર્મની તુલના ડેન્ગ્યુ, મેલેરિયા જેવા રોગ સાથે કરી અને તેમણે તાળીઓ પણ પાડી. આ દેશ તેમને માફ નહીં કરે. એક સમજી વિચારીને તૈયાર કરેલી વ્યૂહરચના હેઠળ તેમની આખી ઈકો સિસ્ટમ હિંદુ પરંપરા, હિંદુ સમાજ, આ દેશની સંસ્કૃતિ અને તેનો વારસો નીચો બતાવાયો, તેનું અપમાન કરાયું, ગાળો અપાઈ, હિંદુઓની મજાક કરવી જાણે ફેશન બની ગઈ. આ બધાને સુરક્ષા આપવાનું કામ કેટલાક લોકો ફક્ત રાજકીય સ્વાર્થ ખાતર કરે છે.'હિંદુ નિવેદન અંગે વાત કરીને વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના એક વાત કરી. તેમણે કહ્યું કે 'ગૃહનું કાલનું દ્દશ્ય જોઈને હિંદુ સમાજે પણ વિચારવું પડશે કે એ અપમાનજનક નિવેદન સંયોગ છે કે કોઈ પ્રયોગની તૈયારી?'

## હિંસક હિન્દુ નિવેદન પર ગુજરાતમાં હિંસક પ્રદર્શન







અમદાવાદ,તા.૨

વિપક્ષ નેતા અને સાંસદ રાહુલ ગાંધીના હિંદુંઓ હિંસા કરે છેના નિવેદન પર સંસદમાં પીએમ મોદી અને ગૃહમંત્રી અમિતશાહે તેમની ટિકા કરી.આ નિવેદનના પડઘા રાતે સંસદની બહાર પણ જોવા મળ્યા. રાહુલ ગાંધીના "જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા કરે છે" આ નિવેદન પર અમદાવાદમાં મોડી રાત્રે બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરષિદના કાર્યકરોએ રાજીવ ગાંધી ભવન પર હંગામો મચાવ્યો. કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયમાં ગેટ કૂદી રાહુલગાંધી ના પોસ્ટર અને બેનર હટાવ્યા. વહેલી સવારે અમદાવાદના પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે ૨૦થી૨૫ શખ્સોના ટોળાએ ત્રાટકીને પથ્થરમારો કરવા સાથે તોડ ફોડ કરતા સનસનાટી મચી ગઈ છે. કાર્યકરોએ રાહુલ ગાંધીના પોસ્ટર પર સ્પ્રેથી કાળી શાહી પણ લગાવી હતી.બજરંગદળ તથા વિશ્ર્વહિન્દુ પરિષદના કાર્યકરો કાર્યાલયના ગેટ પરથી કુદીને અંદર ઘુસી ગયા હતા અને પથ્થરમારો કરીને તોડફોડ કરી હતી. કાર્યાલયને તાળાબંધી કરી હતી ઉપરાંત વહેલી સવારે ફરી વી.એસ.હોસ્પીટલ ખાતે આવેલા પ્રદેશ કાર્યાલય પર ધસી જઈને રાહુલ ગાંધીના પોસ્ટર પર કાળો સ્પ્રે કરી દીધો હતો. આ મામલાની પોલીસને જાણ થતાં તાત્કાલિક ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા મનીશ દોશીએ કહ્યું કે ભાજપનુ આ કાયરતા પૂર્વકનું કૃત્ય છે.કોઈ ડર રાખવાની નથી. અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય પર હુમલાથી સનસનાટી વચ્ચે બજરંગદળનાં પ્રમુખ લલીત મહેતાએ જણાવ્યું હતું કે ધર્મ માટે કરેલી હિંસા અહીંસા બરાબર જ હોવાનું હિન્દુ ધર્મમાં કહેવાયું છે. કોંગ્રેસ અહિંસાની વાતો કરે છે ભાજપ કોગ્રેસની પ્રતિક્રિયા વચ્ચે પોલીસે સમગ્ર મામલો થોડે પાડવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે બે કલાક બાદ છેલ્લે પોલીસ બધાની શાન ઠેકાણે લાવી.હતી પરંતુ બે કલાક ચાલેલા આ ઘટનાક્રમમાં અનેક ચોંકાવનારા દશ્યો સર્જાયા હતા. અમદાવાદમાં સર્જાયેલા આ દ્રશ્ર્યો સામે કાયદો વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઉઠ્યા હતા.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને થકવનારી તથા તાણયુક્ત હશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશો દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપ ર્ક કરી શકે છે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. એવા ઉતાવળા નિર્ણય લેતા નહીં, જેનાથી જીવનમાં આગળ જતાં તમને તેના વિશે અફસોસ થાય. આજે તમે એ જાણશો કે લગ્ન સ્વર્ગમાં રચાતા હોવાનું શા માટે કહેવાય છે. તમે આજે માતા સાથે સારો સમય પસાર કરી શકો છો.

**વૃષભ :**
આજે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે. જીવન તમને આશ્ચર્યો આપતું રહે છે, પણ આજે તમે તમારા જીવનસાથીની અદભુત બાજુ જોઈને આશ્ચર્યચકિત થઈ જશો.

**મિથુન :**
આજના દિવસે ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે, જે તમને વિશ્વના તમામ ગીતો ભુલાવી દેશે. તમને જો કોઈ દલીલબાજીમાં ખેંચવામાં આવે તો કોઈ કઠોર ટીકા કે ટિપ્પણી તમે ન કરો એની સાવચેતી રાખજો. આજે તમારૂં લગ્નજીવન સુંદર વળાંક લેશે.

**કર્ક :**
આજે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે- તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. દિવસ સારો છે; અન્યની સાથે તમે તમારા માટે પણ સમય કાઢવા માં સમર્થ હશો. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારી કિશોરાવસ્થામાં જશો અને એ નિર્દોષ મસ્તીને યાદ કરશો તથા તેને ફરી માણશો.

**સિંહ :**
આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશો। તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે. આજે તમે તમારા પ્રેમી સાથે સમય પસાર કરી શકશો અને તમારી ભાવનાઓ ને તેની સામે રાખી શકશો. તમારા જીવનસાથી આજ પૂર્વે આટલા અદભુત ક્યારેય નહોતા.

**કન્યા :**
આજે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. જ્યારે તમને લાગે કે તમારી પાસે તમારા પ રિવારના સભ્યો અથવા તમારા મિત્રો માટે સમય નથી, તો તમે પરેશાન થશો. આજે પણ તમારી માનસિક સ્થિતિ સમાન રહી શકે છે. તમારા અને તમારા જીવનસાથી વચ્ચે કોઈ બહારની વ્યક્તિ મતભેદ સર્જવાનો પ્રયાસ કરશે, પણ તમે બંને આ પ્રયાસને સંભાળી લેશો.

**તુલા :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. ભૂતકાળમાં તમારા પ્રિય પાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો. બધા જ ઝઘડા અને ગેરસમજ બાજુ પર મુકી તમારા જીવનસાથી તમને પ્રેમથી આલિંગન આપશે ત્યારે જીવન ખરેખર ઉત્સાહથી સભર હોવાનું તમને વાગશે. જો તમે તમારો કિંમતી સમય બિનજરૂરી રીતે બગાડો નહીં, તો તે તમારા માટે સારું રહેશે.

**વૃશ્ચિક :**
આજે સવારથીજ તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. ઉદ્યોગપતિઓ આજે ધંધા કરતાં તેમના પરિવાર ના સભ્યો સાથે વધુ સમય વિતાવવા માંગશે. આ તમારા પરિવાર માં સુમેળ પેદા કરશે. આજે તમે તમારા જીવનસાથીની વાતનો ખોટો અર્થ લેશો, જે તમને આખો દિવસ વિચલિત રાખશે. તમારા પ્રિયજનો સાથે મૂવી જોવી એ ખૂબ સરસ અને મનોરંજક છે.

**ધન :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ના દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થઈ શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે. તમારા વડે આજ ના દિવસ માં એવા કામ કરવા માં આવશે જેના વિષે તમે ઘણી વાર વિચારો છો પરંતુ કરવા માટે અસમર્થ હતા. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ સમય વ્યતીત કરશો.

**મકર :**
આજે તમારિ રાશિના કેટલાક લોકોને જિંદગી માટે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે. આ કિસ્સા માં, તમારે કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરવો જ જોઈએ. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.

**કુંભ :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો. આજે તમને વિશ્વમાં સૌથી પૈસાદાર હોવાની અનુભૂતિ થશે, કેમ કે તમારા જીવનસાથી તમારી સાથે એવું વર્તન કરશે.

**મીન :**
આજના દિવસે તમે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું. પ્રવાસ તરત કોઈ પરિણામ નહીં લાવે પણ ભાવિ લાભ માટે તે સારો પાયો ચણશે. તમારા જીવનસાથીના કારણે તમને આજે નુકસાન થઈ શકે છે. આજે રાત્રે તમે કોઈ ને કહ્યા વિના ઘર ની બહાર જઈ શકો છો કારણ કે તમારા મન માં કંઈક મૂંઝવણ રહેશે અને તમે સમાધાન શોધી શકશો નહીં.

# રબારી સમાજના તેજસ્વી તારલાઓ શિક્ષણ ક્ષેત્રે સિદ્ધિ મેળવી હરણફાળ ભળી રહ્યા છે

### વનવગડામાં જીવન જીવતા હોવાથી શિક્ષણ ક્ષેત્રે મોડા જાગ્યા પણ હવે યુવાનોમાં સમાજના પ્રયાસોથી શૈક્ષણિક ક્રાંતિ આવી છે







આણંદપર(યક્ષ) તા.૨
કચ્છમાં તાલુકા મથકોએ પણ શિક્ષણ સંકુલો બનતા રબારી વિદ્યાર્થીઓને સ્થાનિકે જ પાયાનું સંસ્કાર, શિક્ષણ પ્રાપ્ત થયું છે જે પાછળ રબારી સમાજના યુવાનોએ ઈંધણનું કામ કર્યું છે તો શિક્ષણપ્રેમી આગેવાનોએ પણ સતત ઘી હોમવાનું કામ કર્યું છે જેના કારણે આજે રબારી સમાજની સફળતા દેખાઈ રહી છે. ઔધોગિક, શૈક્ષણિક, સામાજિક, અને રાજકીય ક્ષેત્રે પણ રબારી સમાજના વિરલાઓ કર્તબ દેખાડી રહ્યા છે. કોઠા સૂઝ ધરાવતા રબારી સમાજમાં જો શિક્ષણની જ્યોત પ્રગટતી રહે તો ધારી સફળતા પ્રાપ્ત થાય, રબારી સમાજમાં હૈયામાં હમ અને કોઠા સૂઝ ભરેલી છે અને લોહીમાં જ સંસ્કારો છે.

આ સમાજ હવે શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ શિખર પ્રાપ્ત કરતો થયો છે તેવું દુધઈ ધામ વડવાળા મંદિરના ધર્મગુરુ રામ બાલકદાસજી બાપુએ ભુજોડી મંગલ મંદિર ખાતે અખિલ કચ્છ માકપટ રબારી યુવા સંગઠનના સરસ્વતી સન્માન સમારોહમાં આર્શીવચન આપતા જણાવ્યું હતું કે, રબારી એટલે રાહબર અન્યને રાહ દેખાડનાર પણ વનવગડામાં જીવન જીવતા હોવાથી શિક્ષણ મોડું જાગ્યું છે પણ હવે યુવાનો અને આગેવાનોના સહિયારા પ્રયાસોથી શૈક્ષણિક ક્રાંતિ આવી છે, નખત્રાણા, ભચાઉ, અંજાર, ભુજોડી ખાતે રબારી સમાજના શિક્ષણ સંકુલો બન્યા છે જેમાં કચ્છના તેજસ્વી તારલાઓ શિક્ષણ મેળવી સમાજને પ્રગતિના પંથે પહોંચાડવા હરણફાળ ભળી રહ્યા છે.

આ પ્રસંગે અંજાર ધારાસભ્ય ત્રિકમ છાંગાએ કહ્યું કે જેમ દીકરીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સરકારી કચેરીઓમાં નોકરીઓ મેળવી છે તેમ યુવાનો પણ જાગૃત થઈ ઉચ્ચ શિક્ષણ મેળવે તો રબારી સમાજમાં સોનામાં સુગંધ ભળે, દીકરા દીકરીને ઉચ્ચ શિક્ષણ અપાવી રબારી સમાજના આગેવાનો તનતોડ મહેનત કરી રહ્યા છે જે આવનારા સમયમાં ફળ શ્રુતિ રૂપે દેખાશે.

ભુજ ધારાસભ્ય કેશુ પટેલે કહ્યું હતું કે, રબારી સમાજમાં શિક્ષણનું બીજ રોપાઈ ગયું છે,નખત્રાણા, ભુજ,અંજાર તાલુકામાં રબારી સમાજના શિક્ષણ સંકુલો થકી આજે રબારી સમાજના દિકરા દિકરી વિદેશમાં પણ શિક્ષણ પ્રાપ્ત કરી ઉચ્ચ હોદા ધરાવતા થયા છે, તેજસ્વી તારલાઓનું સન્માન કરી રબારી સમાજ શિક્ષણ જ્યોત પ્રગટાવવા મથી રહ્યો છે, વિદ્યાર્થીઓનું સન્માનએ જ્ઞાનની દેવી માં સરસ્વતીનુ જ સન્માન છે. તેવું કહી યુવાનોના કાર્યની સરાહના કરી હતી.આ પ્રસંગે બેરુથી વીરનાથ બાપુ,ખાભલાથી લાખા ભોપા,વડવાથી જેસા ભોપા,વંકા ભોપા,પેના ભોપા (ઉલટ),મશરૂ ભોપા સહિતના ભુવાજીઓ તથા સંતો મહંતોએ આશિર્વચન પાઠવી બાળકોને સન્માન્યા હતા.

ભુજોડી મંગલ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી માંડણ રબારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૯૯૭માં અહીં શિક્ષણ મંદિરનો સ્વ.પુંજલભાઈ રબારી તેમજ સ્વ.મમુભાઈ રબારીએ પાયો નાખી શરૂઆત કરી હતી, આજે અહીં વિવિધ વિભાગો બન્યા છે અને સમાજના દીકરા દીકરી ભણતા થયા છે, મૂળ ફોટડીના હાલે મોમ્બાસા વસતા હસુભાઈ ભુરીયાએ એક કરોડ પાંત્રીસ લાખનું તેમજ કે.કે. પટેલ સામત્રા તરફથી પણ ૨૫ લાખનું દાન અપાયું હતું, લોક ગાયિકા ગીતાબેન રબારી,અરજણ રબારી, એલ.સી.પ્રોજેકટ અમદાવાદ, ઈશ્વર પૂજાણીના અથાગ પ્રયાસોથી રબારી સમાજને કરોડોનું અનુદાન પ્રાપ્ત થયું છે, જેમાં અન્ય સમાજોએ પણ શિક્ષણ બી રોપવા આર્થિક સહયોગ કર્યો છે.અહીં કન્યા કેળવણી માટે સારંગદાદા પરિવાર ભોપા વાંઢ હસ્તે હથુભાઈ ભજુ ભાઈ રબારી તરફથી ૨,૧૧,૦૦૦ની દાનની જાહેરાત કરાઈ હતી, હજુ પણ જો વધુ દીકરી થશે તો હસુભાઈ ભૂડિયા મોબાસા દ્વારા ફરીથી એક કરોડ પાંત્રીસ લાખનું દાન આપવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી હતી,ગીતાબેન રબારી, અરજણ રબારી એલસી પ્રોજેક્ટ અમદાવાદ દ્વારા શુભેચ્છા સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

અહીં પ્રથમ ભુવાજી સંતો-મહંતો આગેવાનોના હસ્તે દીપ પ્રાગટય કરી સમારોહ ખુલો મુકાયો હતો ત્યાર બાદ ધો.૧૦ અને ૧૨ તેમજ રબારી સમાજના શિક્ષિત બની સરકારી નોકરી કરતા દીકરી દીકરાઓનું આગેવાનો અને ભુવાજીઓના હસ્તે સન્માન કરાયું હતું.સમાજના પ્રથમ પી.એસ.આઈ મીનાબેન રબારી, પ્રથમ ડો સંજય રબારી તેમજ એ.એસ.આઈ મોંગીબેન રબારી,ભાવનાબેન રબારી સહિતના પ્રતિભા શાળીઓના વિશિષ્ટ સન્માન કરાયા હતા.૧૫૦ જેટલા છાત્રોને મોમેન્ટો પ્રમાણપત્ર આપી સન્માન કરાયા હતા. આ પ્રસંગે યુવાનોએ રક્તદાન કરી ૧૪,૪૦૦ સી સી રક્ત એકત્ર કર્યું હતું ત્યાર બાદ કંપાઉન્ડ ફરતે આગેવાનોના હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતુ.

કાર્યક્રમમાં દુધઈથી વડવાળા મંદિરના રામબાલકદાસજીબાપુ, વીરનાથબાપુબેરુ, લાખા ભોપા ખાંભલા,જેસા ભોપા વડવા, પેના ભોપા ઉલટ, વકા ભોપા વડવા, જેસા ભોપા ઉલટ, માકપટ રબારી સમાજ પ્રમુખ ખેગાર રબારી,જેમલ રબારી, માંડણ રબારી સમાજના દાતા શંભુભાઈ રબારી, દેવશીભાઈ રબારી, કરસન રબારી, આંબાભાઈ રબારી,મશરૂભાઈ રબારી,માગપર રબારી સમાજ યુવા સંગઠનના હરિભાઈ રબારી, વિરમભાઇ રબારી,મંગલ વેલા રબારી,સોના દેવા રબારી,મંગલ મંદિર ટ્રસ્ટના રાજાભાઈ રબારી,મમુભાઈ રબારી,વિનોદ રબારી, લક્ષ્મણ રબારી,વેરશી સુરા રબારી,વેરશી રાણા રબારી, હીરાભાઈ રબારી,કમાભાઇ રબારી,જેઠા માંડા રબારી, નથુભાઈ રબારી,રમેશ ખાંભલા, કાંતિભાઈ રોઝ,પરબત રબારી,સુરેશ રબારી, રવજી રબારી,વંકા દેવા રબારી નખત્રાણા, પન્ના દેવા રબારી દેવપર,આશા ભાઈ રબારી,કરણ રબારી ઉગેડી સરપંચ,મંગલ રાજા રબારી વિરાણી,રબારી મેઘા વકા બેરું,રબારી લખમીર દેવરા સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર સંચાલન વડવા ભોપાના જયેશ રબારીએ જ્યારે આભાર દર્શન કચ્છ માગપટ રબારી યુવા સંગઠનના પ્રમુખ હરિભાઈ રબારીએ કર્યું હતું.

# અંજારમાં મળેલી કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજની કારોબારીમાં વિવિધ પડતર પ્રશ્નો ચર્ચાયા





### પાંચમી વખત હરિસિંહ જાડેજાની રાજ્યના હોદ્દેદાર તરીકે બિનહરીફ વરણી કરાઇ સાથે બદલી કેમ્પ યોજવા,શિક્ષણ

ભુજ તા.૨
કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજની કારોબારી સમિતીની બેઠક સેન્ટ એલિઝાબેથ સ્કૂલ, મોટી નાગલપર તા. અંજાર ખાતે મળી હતી. કાર્યાધ્યક્ષ હરદેવસિંહ જાડેજાની અધ્યક્ષતામાં અને પ્રમુખ નયનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં તમામ તાલુકા સંઘના પ્રમુખ, મહામંત્રી, જિલ્લા પ્રતિનિધિઓ સહિત કારોબારી સમિતીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભે દીપ પ્રાગટ્ય બાદ રાપર તાલુકા પ્રા. શિક્ષક સમાજના પૂર્વ પ્રમુખ સ્વ. રમેશ રાજગોર તથા કચ્છ જિલ્લા સંઘના પૂર્વ મહામંત્રી દિનેશ શાહના પુત્ર સ્વ. દીપ શાહના અવસાન બદલ મૌન પાળવામાં આવ્યું હતું. મહામંત્રી કેરણા આહિરે ગત મિનિટસનું વાંચન કર્યું હતું તો ખજાનચી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ હિસાબો રજૂ કર્યા હતા.એચ. ટાટ સમિતિના નિલેશ ગોરે એચ. ટાટ આચાર્યોના પ્રશ્નો રજૂ કરી લડતમાં સહકાર આપવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં વિવિધ તાલુકા સંઘના પ્રમુખ તથા મહામંત્રી દ્વારા પ્રાથમિક શિક્ષકોને સ્પર્શતા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦૦૫ અગાઉના શિક્ષકોને જી.પી. એફ. માં સમાવવા બાબતનો પત્ર કરવા, બદલી પામેલ શિક્ષકોને છૂટા કરવા, ૩૧ જુલાઈની સ્થિતિએ શિક્ષકોના બદલી કેમ્પ યોજવા, ૨૦૦૫ પછીના શિક્ષકોને પણ જૂની પેન્શન યોજનાનો લાભ આપવા, મુખ્ય શિક્ષક એલાઉન્સમાં વધારો કરવા, તાલુકા શિક્ષણ કચેરીમાં પૂરતા કારકુન ફાળવવા , બી.એલ. ઓ. ના મહેનતાણામાં વધારો કરવા, સળંગ સર્વિસ વખતે જેમને નોશનલ ઈજાફો મળ્યો છે તેમની મેડિકલ રજાઓ ગણવા, શાળાઓને કંટીજન્સી ગ્રાન્ટ ફાળવવા, અન્ય માધ્યમની શાળાઓમાં પણ શિક્ષકોની ભરતી કરવા, ખૂટતા પાઠ્ય પુસ્તકો તાત્કાલિક આપવા, શિક્ષકોના સી.પી. એફ. ખાતા ખોલાવવા, બાકી મોંઘવારી સત્વરે જાહેર કરવા, એરિયર્સ ગ્રાન્ટ ફાળવવા, સી. ઈ.ટી. જેવી પરીક્ષામાં બાળકોને ફી માંથી મુક્તિ આપવા, નગર પાલિકામાંથી જિલ્લા પંચાયતમાં આવેલા શિક્ષકોને ૧૦૦ % પેન્શન જિલ્લા પંચાયતમાંથી જ આપવા, ગુણોત્સવ ગ્રેડના માપદંડોમાં ફેરફાર કરવા, ૨ કે તેથી વધુ બાળકો હોય તેવા શિક્ષકોને પણ એલ. ટી.સી.નો લાભ આપવા, ભુજ ખાતે શૈક્ષણિક સંશોધન કેન્દ્ર ઉભું કરવા સહિતના પ્રશ્નો ચર્ચાયા હતા.આ તકે કચ્છના શિક્ષક અગ્રણી હરિસિંહ જાડેજાની સતત પાંચમી વખત રાજ્યસંઘના પદનામિત હોદ્દેદાર તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. અંજાર તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના નવનિયુક્ત પ્રમુખ નિર્મળસિંહ જાડેજા અને મહામંત્રી મનજી મહેશ્વરીનું જિલ્લા સંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં જિલ્લા સંઘના બાકી હોદ્દાઓની ફાળવણી કરવા સાથે રાજ્ય પ્રતિનિધિઓની પણ નિયુક્તિ કરવામાં આવી હતી.કારોબારી બેઠકમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અઘેરા ઉપરાંત વિવિધ તાલુકા, જિલ્લા અને રાજ્યસંઘના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# હવે કચ્છની મીઠી ખારેકનો સ્વાદ સુરતીઓને ઘર આંગણે માણવા મળશે

### નાયબ બાગાયત નિયામકની કચેરી અને કચ્છના પ્રાક્રિત ફાઉન્ડેસન ફોર ડેવલોપમેન્ટ ટ્રસ્ટનું, ખારેક વેચાણ કેન્દ્ર સુરતમાં ૨૩ દિવસ ખુલ્લું રહેશે

સુરત તા.૨
ખાવા પીવાના શોખીન સુરતી લાલાઓને હવે કચ્છની પ્રખ્યાત ખારેક સુરતના આંગણે સ્વાદ માણવા મળશે,સુરત નાયબ બાગાયત નિયામકની કચેરી અને કચ્છના પ્રાક્રિત ફાઉન્ડેસન ફોર ડેવલોપમેન્ટ ટ્રસ્ટ દ્વારા સુરતના આંગણે કચ્છી ખારેકના વેચાણ માટેનું સંયુક્ત આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છના ખેડૂતો પ્રથમ વખત સુરતમાં પોતાની આવી અવનવી ખારેકો લઈ અને અંદાજીત ૨૩ દિવસ સુધી વેચાણ કરશે, સુરત શહેરના નાનપુરામાં સ્નેહમિલન ગાર્ડનની સામે મહેતા પાર્ક ખાતે તા.૨૮મી જુનથી તા.૨૦મી જુલાઈ સુધી આ બજારમાંથી સુરતીઓ ખારેકની ખરીદી કરી શકશે, જેમાં કચ્છના ખેડૂતો સ્વયં પોતાની વિવિધ ખારેકની વેરાયટીનું વેચાણ કરશે.

કચ્છી ખારેકને હાલમાં જ જી.આઈ.ટેગ પણ મળ્યો છે, કચ્છમાં કેટલીય સદીઓથી ખારેકની ખેતી કરવામાં આવી રહી છે. ભારતના કુલ ખારેક ઉત્પાદનના ૮૫ ટકાનું ઉત્પાદન એકલા કચ્છ જીલ્લામાં થાય છે.

કચ્છના ખેડૂતો કેટલીય કુદરતી આફતો વચ્ચે છેલ્લા કેટલાય દશકોની સફળ મેહનતથી ઓર્ગેનિક અને વિશ્વમાં સૌથી મીઠી, રસદાર અને સોફ્ટ વેરાયટીઓ વિકસિત કરી છે કે જે ગલ્ફ દેશોમાં પણ નથી, કચ્છના આ સુપર ફ્રુટમાં વિશ્વના ઘણાં દેશો એ રસ દાખવ્યો છે.

અત્યાર સુધી લાલ, પીળી, ગુલાબી, કેશરી અને લીલી એવી રંગબેરંગી ખારેકના ચમત્કારિક ફાયદાઓ અને તેમાં રહેલ ઔષધિય ગુણો વિષે લોકોને પુરતી માહિતી નથી, જેથી સમાજનો બહુ મોટો વર્ગ તેને આરોગવાથી વંચિત રહે છે.

ખેડૂતો દ્વારા આ બજારમાં લોકોને ખારેક ફળ તથા તેની ખેતી વિષે માહિતગાર કરવામાં આવશે જેથી વધુમાં વધુ લોકો આપણા ગુજરાતના ગૌરવશાળી કલ્પવૃક્ષને ઓળખીને ખોરાકમાં ઉપયોગ કરે તેવો હેતુ રહેલો છે.

# લંડન-લોર્ડસમાં કચ્છની ક્રિકેટ ટીમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન





### કલેસ્ટોન વતી કેરાના અરવિંદ વાઘજીયાણીએ સળંગ ચાર ચોગા ફટકારી જીત અપાવી

કેરા તા.૨
જ્યાં ક્રિકેટનો જન્મ થયો છે તેવા બ્રિટનના વિશ્વ વિખ્યાત લોર્ડસ ક્રિકેટ ગ્રાઉન્ડ પર લંડન સ્થિત કરછીઓની ટીમને રમવાની તક મળી હતી, જેમાં કુલ્લ આઠ ટીમોએ ભાગ લીધો હતો.

કચ્છના હિજરતી ઈતિહાસમાં નવી પેઢી રમત ગમત ક્ષેત્રે સ્થાન મજબૂત કરી રહી છે, તાજેતરમાં યુગાન્ડામાં કચ્છ ક્રિકેટ કલબને ૫૦ ઓવરની રાષ્ટ્રિય મેચ રમવા મંજૂરી અપાઈ તે સમાચાર તાજા જ છે, ત્યાં આ લંડનથી સમાચાર પ્રાપ્ત થયા છે જે મેદાન ઉપર રમવા વિશ્વના કોઈ પણ આંતરરાષ્ટ્રિય ક્રિકેટર આતુર હોય છે, ત્યાં કચ્છની યુ.કે. સ્થિત નવી પેઢીને તક મળી છે. કેલેસ્ટોન, એડવાઈઝર રાબડિયા કન્ટ્રકશન મૂળ કચ્છના વ્યવસાયિકો છે તેની ટીમો રમી હતી, જેમાં કચ્છના યુવા ખેલાડીઓ જોડાયા હતા. રમતમાં અરવિંદ વાઘજીયાણીએ સળંગ ચાર બોલમાં ચાર ચોગા ફટકારી મેદાન ગજવ્યું હતું, ફાઈનલમાં પહોંચેલી ટીમમાં તેનું યોગદાન રહ્યાનું લંડનથી કલ્યાણ ટપ્પરીયાએ જણાવ્યું હતું, ઉલ્લેખનીય છે કે વી.વી.એસ લક્ષ્મણ સહિતના પૂર્વ ખેલાડીઓ સાથે કચ્છી યુવાઓના સારા સંબધોને કારણે પણ મહત્વ મળી રહ્યું છે.

# એક જ દિવસ નહીં રોજે રોજ ડોક્ટર-ડે ઉજવવો જોઈએ





### જી.કે.જનરલ અને અદાણી મેડિકલ કોલેજમાં ડોક્ટર્સ ડે ઉજવાયો હોસ્પિટલના તબીબો અને મેડિકલ એસોસીયેશનના તબીબોનું સન્માન પણ કરાયુ

ભુજ તા.૨
વિશ્વમાં માત્ર એક દિવસ માટે ડોક્ટર ડે ઉજવાય છે, પરંતુ આરોગ્યના રક્ષકો એવા તબીબો લોકોને રોજે રોજ નીરોગી રાખવાની મહત્વની ભૂમિકા ભજવે છે એટલે જ માનવ જાત આજે સ્વસ્થ છે માટે એક જ દિવસ નહીં રોજે રોજ એક યા બીજા પ્રકારે ડોક્ટર ડેની ઉજવણી કરવી જોઈએ એમ અદાણી ગ્રુપ હેલ્થ કેર સર્વીસિસ હેડ ડો. પંકજ દોશીએ જણાવ્યું હતું. અદાણી મેડિકલ કોલેજના વ્યાખ્યાન કક્ષમાં ગેઈમ્સ મારફતે ૧લી જુલાઈ ડોક્ટર્સ ડે ઉજવણીના સંદર્ભમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા તેમણે ઉદબોધન કર્યું હતું અને તબીબોને હેલ્થના હીરો ગણાવ્યા હતા. પ્રારંભમાં ગેઈમ્સના ડાયરેક્ટર ડો. બાલાજી પિલ્લાઈ કહ્યું કે, આ દિવસ તબીબો માટે ગરીમાનો દિવસ છે અને ડોક્ટરની સેવાને યાદ કરવાનો સુંદર અવસર છે. તેમણે ગેઈમ્સને નિશ્ચિત ઊંચાઈ પર લઈ જઈ આરોગ્ય ક્ષેત્રે પ્રજાલક્ષી બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. અત્યાર સુધીની પ્રગતિ અને આગામી દિવસોમાં આકાર લેનાર પ્રકલ્પોના રોડમેપનું સવિસ્તર પ્રેઝન્ટેશન કર્યું હતું અને ડોક્ટર્સના સથવારે આગળ વધવા અમલીકૃત થનાર સેવાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચીફ મેડિકલ સુપ્રિ.ડો. નરેન્દ્ર હિરાણી, મેડિકલ કોલેજના ડીન ડો. એ.એન. ઘોષ સિવિલ સર્જન ડો.કશ્યપ બૂચ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેનાર ઈન્ડિયન મેડિકલ એસો.ના પ્રમુખ ડો.નરેશ ભાનુશાલી, કચ્છના સિનિયર ડોક્ટર્સ ડો.પી. એન આચાર્ય, ડો.નાવલેકરનું ઉષ્માભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. વીતેલા વર્ષમાં ગેઈમ્સને પરિણામલક્ષી બનાવવામાં જુદા જુદા વિભાગો અને તેમના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટની સેવાઓને બિરદાવી પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રક્તદાન દિવસ નિમિતે સેવા પ્રદાન કરનાર તબીબોનું પણ સન્માન દ્વારા નોંધ લઈ પ્રોત્સાહિત કરાયા હતા. તબીબો પણ યોગ દ્વારા સ્વસ્થ અને તરોતાજા રહી શકે એ હેતુસર યોગ પ્રશિક્ષક હિના રાજગોરે યોગીક હેલ્થનો મહિમા સમજાવ્યો હતો. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સાથે આ દિવસ ઉજવાયો હતો.

# FILMY ગપશપ

## જેકી ભગનાનીએ કહ્યું પ્રોડક્શન હાઉસ ખોટમાં, અક્ષયે હિંમત બતાવી, ફી ન લીધી



મુંબઈ, તા.૨

છેલ્લા કેટલાક અઠવાડિયાથી, પૂજા એન્ટરટેઈનમેન્ટના નાણાકીય નુકસાનના સમાચારોએ વેગ પકડ્યો છે. આખરે નિર્માતા જેકી ભગનાનીએ આ અંગે પોતાનું મૌન તોડ્યું છે. તેમણે આ સમાચારોને સાચા ગણાવ્યા છે. જેકીએ કહ્યું કે અક્ષય કુમારે મુશ્કેલ સમયમાં તેમનો ઘણો સાથ આપ્યો છે. તેની હિંમતને કારણે તે આત્મવિશ્વાસ પાછો લાવવામાં સફળ રહ્યો છે.

અક્ષયે પ્રોડક્શન કંપનીના ક્રૂનો પગાર ચૂકવવા માટે તેની ફી પણ રોકી દીધી છે. તે જાણીતું હતું કે પૂજા એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠળ બનેલી છેલ્લી કેટલીક ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો હતો. જેના કારણે કંપની ખોટમાં ગઈ હતી. પૂજા એન્ટરટેઈનમેન્ટ પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી છેલ્લી ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ૨ પણ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી. જેના કારણે કંપનીને મોટું નુકસાન થયું છે. જેના કારણે પ્રોડક્શન કંપની તેના સ્ટાફને પગાર પણ આપી શકી નથી. જેકીએ આ સમગ્ર મામલાની વાત કરી અને કહ્યું- અક્ષય સર તાજેતરમાં મને આ બાબતે ચર્ચા કરવા મળ્યા હતા.

આ પરિસ્થિતિ વિશે જાણ્યા પછી, અક્ષય સર આગળ આવ્યા અને ક્રૂ માટે તેમનો ટેકો દર્શાવવામાં બિલકુલ સંકોચ ન કર્યો. તેઓએ આગ્રહ કર્યો છે કે જ્યાં સુધી અમારા પ્રોજેક્ટ પર કામ કરતા દરેક કલાકાર અને ક્રૂ મેમ્બરને તેમની સંપૂર્ણ અને અંતિમ ચુકવણી ન મળે ત્યાં સુધી તેમની ફી રોકી દેવામાં આવે. અમે અક્ષય સરના તેમની સમજણ અને આ સમયે અમારી સાથે ઊભા રહેવાની ઈચ્છા બદલ તેમના ખૂબ ખૂબ આભારી છીએ. ફિલ્મ બિઝનેસ મજબૂત સંબંધો પર બનેલો છે અને આ ભાવનાને જ અમે પૂજા એન્ટરટેઈનમેન્ટમાં પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરીએ છીએ.

સોશિયલ મીડિયા પર, ફિલ્મ બડે મિયાં છોટે મિયાંના ઘણા કર્મચારીઓએ કંપની પર બાકી ચૂકવણી ન કરવાનો આરોપ લગાવ્યો હતો. ઘણા લોકો દ્વારા એક સાથે મૂકવામાં આવેલી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, ઘણા ક્રૂ સભ્યોએ પૂજા એન્ટરટેઈનમેન્ટ, નિર્માતા વાશુ ભગનાની અને તેના બાળકો દીપ શિખા દેશમુખ અને જેકી ભગનાનીને ટેગ કર્યા અને તેમના ખરાબ અનુભવ વિશે વાત કરી. તેણે પ્રોડક્શન હાઉસ માટે કામ કર્યું હતું, પરંતુ તેની ફી ચૂકવવામાં આવી ન હતી. ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ૨ વિશે વાત કરીએ તો અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ મુખ્ય ભૂમિકામાં હતા. માનુષી છિલ્લર, અલાયા એફ પણ મુખ્ય અભિનેત્રીઓમાં સામેલ હતી. ૩૫૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર માત્ર ૧૦૨ કરોડનો જ બિઝનેસ કર્યો હતો.


## હત્યાના આરોપી દર્શનના જીવન આધારિત ફિલ્મ બનાવવાની હિલચાલ

મુંબઈ, તા.૨

કન્નડ ફિલ્મ સ્ટાર દર્શનની હત્યા કેસમાં ધરપકડ બાદ હજુ જામીન મળ્યા નથી. સોશિયલ મીડિયાથી અંગત જીવનમાં દખલ કરનારા ફેનની હત્યા કરાવી હોવાનો દર્શન પર આરોપ છે. દર્શનની નિકટની મિત્ર પવિત્રા ગૌડાને મૃતક રેણુકા સ્વામીએ અભદ્ર મેસેજ કર્યા હતા અને તેનાથી ગુસ્સે ભરાઈ દર્શને હત્યા કરાવી હોવાનો આરોપ છે. ફિલ્મી સ્ટોરીની ટક્કર મારે તેવો આ કેસ હોવાથી સમગ્ર દેશમાં તેની ચર્ચા થઈ રહી છે ત્યારે દર્શનના જીવન આધારિત ફિલ્મ બનાવવા માટે ઈન્ડસ્ટ્રીના ઘણાં લોકોને રસ પડ્યો છે. દર્શન મર્ડર કેસ સંબંધિત ફિલ્મોના ટાઈટલમાં ડી-ગેંગ, પટ્ટાનગર શેડ અને કૈદી નં ૬૧૦૬ની મંજૂરી માગવામાં આવી હતી. દર્શનને કેટલાક લોકો ડી-બોસ તરીકે ઓળખાવે છે, તેથી ડી-ગેંગ નામથી ફિલ્મ બનાવવાની હિલચાલ છે.



સુંદર ટીવી અભિનેત્રી શ્વેતા તિવારીએ તેના લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. જે હવે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેના લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે. ફરી એકવાર અભિનેત્રીનો ખૂબ જ હોટ અને સુંદર અવતાર જોવા મળ્યો હતો.



નેહા મર્દાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે. જેમાં તે સાઈઝ ઝીરોમાં જોવા મળી હતી.આ તસવીરોમાં નેહા બ્લેક સાડી પહેરીને એકદમ ફિટ દેખાઈ રહી છે અને કેમેરા માટે અલગ-અલગ પૉઝ આપી રહી છે.આ ફોટોશૂટમાં નેહા મર્દા પોતાની સ્લિમ કમરને ખૂબ જ બૉલ્ડ રીતે ફ્લૉન્ટ કરી રહી છે.

## કલ્કિની સીક્વલ પાકી, ૬૦ ટકા શૂટિંગ પણ થઈ ગયું



મુંબઈ, તા.૨

'કલ્કિ ૨૮૯૮ એડી'માં પ્રભાસની સાથે દીપકા પાદુકોણ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન લીડ રોલમાં છે. કલ્કિના સુપ્રીમ યાસ્કિન (કમલ)ને લાંબા સમયથી એક ઔષધિ જોઈતી હતી, જે તેમને મળી જાય છે, જેના કારણે પ્રોજેક્ટ કેનો માર્ગ સરળ બને છે. અશ્વત્થામા (અમિતાભ)ને ભૈરવ અંગેની ગેરસમજ દૂર થાય છે અને સીક્વલમાં પ્રેગનન્ટ સુમ-૮૦ (દીપિકા)ના લીડ રોલનો પાયો નંખાઈ ચૂક્યો છે. ફિલ્મના અંતમાં 'કલ્કિ ૨૮૯૮ એડી'નું સિનેમેટિક યુનિવર્સ આગળ ધપવાનું એલાન થાય છે. ફિલ્મના ડાયરેક્ટર નાગ અશ્વિને ઈન્સ્ટાગ્રામ લાઈવમાં પ્રભાસ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, પાર્ટ ૨નું કામ પૂરું થવામાં ત્રણ વર્ષનો સમય લાગી શકે છે.

પ્રોડ્યુસર અશ્વિની દત્તે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, સીક્વલનું ૬૦ ટકા શૂટિંગ પૂરું થયું છે. કેટલાક મહત્ત્વના સીન હજુ બાકી છે અને રિલીઝ ડેટ હજુ નક્કી થઈ નથી. કલ્કિમાં પ્રભાસ કરતાં વધારે વખાણ કમલ હાસનના થઈ રહ્યાં છે. આ ફિલ્મમં તેમનો સ્ક્રિન ટાઈમ ઓછો છે, પરંતુ પાર્ટ ૨માં તેમનો રોલ વધારે લાંબો હોવાના અણસાર આપી દેવાયા છે. કમલ હાસને ચેન્નાઈ ખાતે જણાવ્યું હતું કે, કલ્કિમાં તેમણે થોડીક મિનિટનો નાનો રોલ કર્યો છે. ફિલ્મમાં તેમના જોડાણની આ શરૂઆત છે. બીજા પાર્ટમાં વધારે મોટો રોલ જોવા મળશે. અને સરપ્રાઈઝમાં મૂકાયા છે.

## દશેરાના દિવસે સુરિયાની 'કંગુવા' અને આલિયાની 'જિગરા' વચ્ચે ટક્કર


મુંબઈ, તા.૨

સુરિયા દ્વારા તેની જબદસ્ત એક્શન દંતકથા આધારિત ફિલ્મ 'કંગુવા'ની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. 'કંગુવા' સિવા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ એક એવી કાલ્પનિક કથા છે, જેમાં ટાઈમ ટ્રાવેલની વાત છે. ખાસ કરીને તેના પ્રોમોમાં દેખાતાં વીએફએક્સ અને યુદ્ધના દૃશ્યોને દર્શકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. હવે આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. તેનાથી જાહેર થયું છે કે આ ફિલ્મ અને આલિયાની 'જિગરા' વચ્ચે ક્લેશ થવાનો છે.

સુરિયાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટર શેર કર્યું હતું, જેમાં તે હાથમાં તલવાર લઈને યોદ્ધાનારોલમાં જોવા મળે છે. તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, "સિનેમામાંપ૧૦-૧૦-૨૦૨૪ વર્લ્ડવાઈડ." આ પોસ્ટ અને ટ્વીટર પર પણ તેમને ફેન્સનો ઘણો સારો પ્રતિસાદ આપ્યો હતો, એક યુઝરે લખ્યું હતું, "ફરી એક વખત, રાજાએ ફરી તેનું સિંગાસન હાથમાં લઈ લીધું છે. કંગુવા બોક્સ ઓફિસના બધા જ રેકોર્ડ તોડી નાખશે અને કોલિવુડની પહેલી ૧૦૦૦ કરોડની ફિલ્મ બનશે." આલિયાની 'જિગરા' પણ ૧૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે. તેથી આ બંને ફિલ્મો વચ્ચે ક્લેશ થશે. આ આલિયા



ભટ્ટના ઈટર્નલસન શાઈન પ્રોડક્શન અને કરણ જોહરના ધર્મા પ્રોડક્શન દ્વારા કો પ્રોડ્યુસ કરેલી ફિલ્મ છે. 'જિગરા' વાસન બાલા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તેમાં વેદાંગ રૈનાનો પણ મહત્વનો રોલ છે. જ્યારે 'કંગુવા' માં સુરિયાનો ડબલ રોલ છે અને આ ફિલ્મમાં બબી દેઓલ ઉધિરન નામના વિલનના રોલમાં જોવા મળશે. ફિલ્મના ટીઝરમાં દિલધડક એક્શન સીનની ઝલક મળે છે. આ ફિલ્મ સાથે દિશા પટાણી તમિલ ફિલ્મમાં ડેબ્યુ કરશે. તે ઉપરાંત આમાં નટરાજન સુબ્રમણિયન, જગપતિ બાબુ, યોગી બાબુ, રેડિન કિંગ્સ્લે, કોવાઈસરલા, આનંદરાજ, રવિ રઘુવેન્દ્ર, કે.એસ. રવિકુમાર અને બી.એસ. અવિનાશ મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ થ્રીડી અને આઈમેક્સમાં રિલીઝ થશે.




બોલીવૂડ અને સાઉથની એક્ટ્રેસ શ્રદ્ધા દાસ તેના ગ્લેમરસ અંદાજને લઈ ચર્ચામાં છે. શ્રદ્ધા દાસ દરેક લૂકમાં ખૂબ જ હોટ લાગે છે.શ્રદ્ધા દાસનો હોટ સાડી લૂક સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.શ્રદ્ધા દાસ સાડી લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે.



તબુએ ૧૯૯૭માં આવેલી ફિલ્મ 'વિરાસત'માં અનિલ કપૂર સાથે કામ કર્યું હતું. એ ફિલ્મને પ્રિયદર્શને ડિરેક્ટ કરી હતી. ફિલ્મમાં તબુનો લુક એક ગામડાની યુવતીનો હતો. આ જ કારણ છે કે પ્રિયદર્શને તેલની આખી બૉટલ તબુના માથામાં નાખી હતી જેથી તે ગામડાની યુવતી જેવી દેખાઈ શકે.

## 'હિન્દુસ્તાની 3'માં કમલ હાસનના ડબલ રોલ

### સેનાપતીના પિતાની ભૂમિકા પણ કરશ



**ફિલ્મના ડિરેક્ટર શંકરે ૧૯૯૦ના દાયકાના યુવા સેનાપતી બતાવવા ડીએજીંગ ટેક્નિકનો ઉપયોગ કર્યો છે**

મુંબઈ, તા.૨

૨૮ વર્ષે શંકર અને કમલ હાસન ફરી એક વખત 'હિન્દુસ્તાની ૨' લઈને આવી રહ્યા છે. ૧૨ જુલાઈએ રજૂ થનારી આ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું ત્યારથી આ ફિલ્મ ઘણી ચર્ચામાં છે. મુંબઈ ખાતે તેની ખાસ ટ્રેલર લોન્ચ ઈવેન્ટ પણ યોજવામાં આવી હતી. આ વખતે કમલ હાસને એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જેમાં તેમણે 'હિન્દુસ્તાની ૩' માટેની શક્યતાની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ સેનાપતીના પિતાની ભૂમિકા પણ કરી રહ્યા છે, પરંતુ એ 'હિન્દુસ્તાની ૨'માં જોવા મળશે નહીં. કમલ હાસને જણાવ્યું હતું કે આ વખતની ભ્રષ્ટાચાર સામે લડત ચલાવતી વાર્તા બે ફિલ્મોમાં વહેંચાયેલી છે, 'હિન્દુસ્તાની ૨' અને 'હિન્દુસ્તાની ૩'. "મારા મનમાં બંને ફિલ્મ એક જ છે, બેમાં કોઈ ભેદ નથી. જોકે, ઓડિયન્સને 'હિન્દુસ્તાની ૨'ની સેનાપથિની વાર્તા 'હિન્દુસ્તાની ૩'માં આગળ વધતી જોવા મળશે. જેમાં અનેક સરપ્રાઈઝ રહેલી છે, તેથી તેઓ ઓડિયન્સના પ્રતિભાવો જાણવા ખુબ ઉત્સુક છે." ફિલ્મના ડિરેક્ટર શંકરે ૧૯૯૦ના દાયકાના યુવા સેનાપતી બતાવવા ડીએજીંગ ટેક્નિકનો ઉપયોગ કર્યો છે, આ અંગે કમલ હસને કહ્યું, "ડીએજિંગ ટેક્નિકથી પણ વધારે મને સેનાપતીને કહેવાની તક મળી કે હું તારો બાપ છું.

એમાં બહુ મજા આવી.જ્યારે બધા સેનાપતીના વખાણ કરતા હતા, ત્યારે હું તેને એમ કહી શકતો હતો કે હું તારો બાપ છું, તું તારા ધંધામાં ધ્યાન આપ. કહેવાની વાત એમ છે કે મેં સેનાપતીના પિતાનો રોલ પણ કર્યો છે, પણ એ ભાગ હજુ 'સેનાપતી ૨'માં નથી." કમલ હસને આગળ કહ્યું કે, "હવે તમને ખબર પડી ગઈને, કે તમારે ત્રીજો ભાગ પણ જોવો પડશે.

હવે તમને સમજાશે, કે મેં 'હિન્દુસ્તાની ૩' કેમ પસંદ કરી, હું જમ્યા પછી મીઠાઈની રાહ જોતો હતો. પણ ત્યાં પહોંચવા માટે પહેલાં દાળ રોટી તો ખાવા પડે ને."

# SPORTS કોર્નર

## ટીમ ઈન્ડિયા ઝિમ્બાબ્વે પ્રવાસ માટે રવાના, ચાર ખેલાડી હજુ પણ બાર્બાડોસમાં અટવાયેલા છે

મુંબઇ,તા.૨

ભારતીય ક્રિકેટ ટીમે ૨૯ જૂને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલ જીતી હતી અને હવે ૬ જુલાઈથી ઝિમ્બાબ્વે સામે પાંચ મેચની ટી ૨૦ શ્રેણી રમવા જઈ રહી છે. ટીમ ઈન્ડિયા આ પ્રવાસ માટે રવાના થઈ ગઈ છે, પરંતુ તેમાં એવા ખેલાડીઓ સામેલ નથી જે ટી ૨૦ વર્લ્ડ કપ ટીમનો ભાગ હતા. જો કે, આ પ્રવાસ માટે તે ટીમમાંથી ચાર ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે, પરંતુ તેઓ હજુ પણ બાર્બાડોસમાં અટવાયેલા છે. તે જ સમયે, શુભમન ગીલની કપ્તાનીવાળી ભારતીય ટીમ ઝિમ્બાબ્વે માટે રવાના થઈ ગઈ છે, પરંતુ એક પ્રશ્ન છે કે શું નવા મુખ્ય કોચ ટીમ સાથે ગયા છે? જવાબ છે ના. વાસ્તવમાં, વીવીએસ લક્ષ્મણ ઝિમ્બાબ્વે સામે ૬ જુલાઈથી ૧૪ જુલાઈ સુધી રમાનારી પાંચ મેચની ટી ૨૦ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ હશે. તે છે જેણે ટીમ સાથે ઉડાન ભરી હતી. બીસીસીઆઇ સેક્રેટરી



જય શાહે પણ પુષ્ટિ કરી હતી કે વીવીએસ ઝિમ્બાબ્વે જશે અને નવા મુખ્ય કોચ આ મહિનાના અંતમાં શ્રીલંકા સામે રમાનારી સફેદ બોલની શ્રેણી દરમિયાન ચાર્જ સંભાળશે. જય શાહે એમ પણ કહ્યું હતું કે ગૌતમ ગંભીર અને ડબલ્યુવી રમનના ઈન્ટરવ્યુ થઈ ગયા છે અને ક્રિકેટ સલાહકાર સમિતિ એટલે કે સીએસી અંતિમ નિર્ણય આપશે. તે જ સમયે, જો આપણે ઝિમ્બાબ્વે પ્રવાસની વાત કરીએ, તો ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ વિજેતા ટીમના ૩ ખેલાડીઓ સંજુ સેમસન, શિવમ દુબે અને યશસ્વી જયસ્વાલ પણ આ ટીમનો ભાગ હશે. તે જ સમયે, રિંકુ સિંહ અને ખલીલ અહેમદ પણ ટી૨૦ વર્લ્ડ કપ માટે અનામત તરીકે ટીમ સાથે હતા. આ ખેલાડીઓ ઝિમ્બાબ્વે પ્રવાસ પર પણ રમશે, પરંતુ હજુ બાર્બાડોસમાં છે. તે જ સમયે, બાકીના ખેલાડીઓ ત્યાંથી નીકળી ગયા છે. બીજી તરફ ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમના તમામ ખેલાડીઓ પહેલા ભારત આવશે અને પછી ઝિમ્બાબ્વે પ્રવાસ માટે રવાના થશે, જ્યારે બાકીના ખેલાડીઓ પીએમ નરેન્દ્ર મોદીને મળ્યા બાદ પોતપોતાના ઘરે રવાના થશે.

## સાઉથ આફ્રિકન મહિલાઓને ૧૦ વિકેટથી પરાસ્ત કરી ભારતીય લેડીઝે




સાઉથ આફ્રિકા સામેની એકમાત્ર ટેસ્ટમૅચ ભારતીય મહિલાઓએ ગઈ કાલે ૧૦ વિકેટથી જીતી લીધી હતી. ચેન્નઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં ચોથા દિવસે ભારતીય મહિલાઓએ જીતવા માટે જોઈતા ૩૭ રન વિના વિકેટે બનાવી લીધા હતા. ભારતે પહેલી ઈનિંગ્સમાં ૬ વિકેટે ૬૦૩ રન કરીને દાવ ડિક્લેર કર્યો એ પછી સાઉથ આફ્રિકન મહિલાઓ માત્ર ૨૬૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી, જેને પગલે ભારતે એને ફૉલોઑન આપ્યું હતું. સાઉથ આફ્રિકન મહિલાઓએ બીજી ઈનિંગ્સમાં ફાઈટ આપી હતી અને ત્રીજા દિવસની રમતના અંતે બે વિકેટે ૨૩૨ રન બનાવ્યા હતા. જોકે ચોથા દિવસે બૅટરો લાંબું નહોતી ટકી શકી અને ૩૭૩ રનમાં સમેટાઈ ગઈ હતી. પરિણામે ભારતીય મહિલાઓને માત્ર ૩૭ રનનો ટાર્ગેટ મળ્યો હતો. શફાલી વર્માએ પહેલી ઈનિંગ્સમાં ૨૦૫ અને બીજીમાં અણનમ ૨૪ રન કર્યા હતા અને તે પ્લેયર ઑફ ધ મૅચ જાહેર થઈ હતી. રાઈટ-આર્મ ઑફ-બ્રેક બોલર સ્નેહ રાણાએ પહેલી ઈનિંગ્સમાં ૮ અને બીજીમાં બે મળીને મૅચમાં કુલ ૧૦ વિકેટ લીધી હતી. આમ કરીને તે એક ટેસ્ટમાં ૧૦ વિકેટ લેનારી ઝુલન ગોસ્વામી પછીની બીજી ભારતીય બોલર બની હતી.

## સેલિબ્રેશન ટાઈમઃ વર્લ્ડ કપ જીતનાર ઈન્ડિયન ક્રિકેટ ટીમની ફિલિંગ્સ


મુંબઇ,તા.૨

હાર્દિક ઈમોશનલ થતાં રોહિત શર્મા તેની પાસે જઈને તેને ભેટી પડ્યો હતો. સાઉથ આફ્રિકા સામેની ફાઇનલ મૅચની છેલ્લી ઓવર હાર્દિક પંડ્યાએ નાખી હતી. આ ઓવરમાં તેણે બે વિકેટ લીધી હતી અને ઇન્ડિયન ટીમે સાઉથ આફ્રિકાને સાત રનથી હરાવ્યું હતું. ૨૦ વર્લ્ડ કપ જીતી ગયા બાદ સેલિબ્રેશન દરમ્યાન દરેક પ્લેયર ઈમોશનલ થઈ ગયા હતા. હાર્દિકને રડતો જોઈ રોહિત તેની પાસે પહોંચી ગયો હતો. રોહિત તેને ભેટી પડ્યો હતો અને ત્યાર બાદ હાર્દિકને ઊંચકી લીધો હતો. તેણે હાર્દિકને ગાલ પર કિસ પણ કરી હતી.

વિરાટ કોહલી અને રોહિત શર્મા વર્લ્ડ કપ જીતવાનું સપનું પૂરું કરી એકમેકને ભેટીને રડી પડ્યા હતા. T20 વર્લ્ડ કપ જીતવો રોહિત અને કોહલીનું સપનું હતું. વર્લ્ડ કપ જીતવાની ખુશી શું હોય છે એ કોહલી અને રોહિત બન્ને જાણે છે અને એમ છતાં બન્ને આ ટાઈટલ જીતવા માટે આકાશ-પાતળ એક કરવા તૈયાર હતા અને એ તેમણે કરી દેખાડ્યું. વર્લ્ડ કપ જીતતાં જ રોહિત જમીન પર પન્ચ મારી રહ્યો હતો અને કોહલી આકાશ તરફ હાથ કરીને સેલિબ્રેશન કરી રહ્યો હતો. ત્યાર બાદ તેઓ બન્ને ઈમોશનલ થઈ ગયા હતા અને એકમેકને ભેટીને રડી પડ્યા હતા. તેઓ પંદર વર્ષથી સાથે રમી રહ્યા હતા અને એ સમય જાણે સ્થિર થઈ ગયો હોય એવું લાગી રહ્યું હતું. ભારતીય ટીમનો દિગ્ગજ બોલર જસપ્રીત બુમરાહ T20 વર્લ્ડ કપ ૨૦૨૪માં ૧૫ વિકેટ લઈને પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ બન્યો હતો. T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ ૧૭ વિકેટ લેનાર ભારતીય બોલર અર્શદીપ સિંહ અને ૧૪૪ રન બનાવીને ૧૧ વિકેટ લેનાર હાર્દિક પંડ્યા આ અવૉર્ડના મુખ્ય દાવેદારમાં સૌથી આગળ હતા. જોકે ટુર્નામેન્ટ દરમ્યાન જસપ્રીત બુમરાહની બોલિંગ ટર્નિંગ-પૉઈન્ટ બની હતી. અવૉર્ડ જીત્યા બાદ તેની પત્ની અને ઍન્કર સંજના ગણેશન સાથેના ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે અંગદ અહીં છે અને તેણે તેના પિતાને વર્લ્ડ કપ જીતતા જોયા છે. આનાથી સારી લાગણી બીજી કોઈ નથી. આ ઈન્ટરવ્યુ બાદ તે સંજનાને ભેટી પડ્યો હતો. મેદાન પર તેણે પોતાનો ચૅમ્પિયન-મેડલ દીકરા અંગદને પહેરાવી દીધો હતો. બુમરાહ-ફૅમિલીના આ ક્યુટ વિડિયોએ સોશ્યલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું.



# જમ્મુ-કાશ્મીર સહિત હિમાલયના રાજ્યોમાં આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના




ઉત્તરાખંડ, તા.૨

હવામાન વિભાગની આગાહી મુજબ ચોમાસું ઝડપથી ઉત્તર-ાખંડ તરફ આગળ વધી રહ્યું છે. ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીર સહિત હિમાલયના ઘણા રાજ્યોમાં આગામી થોડા દિવસોમાં ભારે વરસાદની સંભાવના છે. IMD ના જણાવ્યા અનુસાર, કેટલીક જગ્યાએ વાદળ ફાટવાની સંભાવના છે. તે જ સમયે, ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂર આવી શકે છે, ખાસ કરીને ઉત્તરાખંડમાં. કદાચ આ જ કારણ છે કે IMD એ ઉત્તરાખંડ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. તેમજ હવામાન વિભાગ કેદારનાથની આસપાસના તળાવોનો અભ્યાસ કરી રહ્યું છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કેદાર ઘાટીમાં ખતરો વધુ છે.

કેદારનાથ મંદિરથી લગભગ ૪૦૦૦ મીટરની ઉંચાઈ પર ઘણા બર્ફીલા તળાવો છે. હવામાન વિભાગ આ તળાવોની ઉંચાઈ, ઊંડાઈ અને પાણીનું પ્રમાણ ચકાસી રહ્યું છે. જેથી ભારે વરસાદ દરમિયાન તળાવ તૂટવા કે વાદળ ફાટવા જેવી ઘટનાઓની અગાઉથી આગાહી કરી શકાય. ૩૦ જૂને પણ કેદારનાથ મંદિરની પાછળ સુમેરુ પર્વત પર હિમપ્રપાત જોવા મળ્યો હતો.

ખરેખર કેદાર વેલી મંદાકિની નદીની આસપાસ છે. ચોરાબારી તળાવ કેદારનાથ મંદિરથી ૧૨,૯૭૫ ફૂટની ઉંચાઈ પર આવેલું છે. આ તળાવ ગાંધી સરોવર તરીકે પણ ઓળખાય છે. મંદિરથી લગભગ ૨ કિલોમીટર દૂર આવેલા આ તળાવમાંથી મંદાકિની નદી નીકળે છે. મંદાકિની નદીના બેસિનમાં કુલ ૧૯ સરોવરો છે, જેમાંથી અનેક નાની-મોટી નદીઓ નીકળે છે.

ઉલ્લેખનીય છે કે ચોરાબારી તળાવ ૨૦૧૩ની દુર્ઘટનાનું મુખ્ય કારણ હતું. હા, ચોરાબારી તળાવ પર વાદળ ફાટવાને કારણે તળાવ પાણીથી ભરાઈ ગયું હતું. વધારે પાણીના કારણે તળાવ તૂટી ગયું અને તેનું તમામ પાણી મંદાકિની નદીમાં વહેવા લાગ્યું. મંદાકિની નદીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને સમગ્ર કેદાર ખીણનો નાશ કર્યો. આ અકસ્માતમાં ૬૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને હજારો લોકો ગુમ થયા હતા.

મંદાકિની નદીનો કુલ કેચમેન્ટ એરિયા ૬૭ ચોરસ કિલોમીટર છે. તેમાં ચોરાબારી અને કમ્પેનિયન ગ્લેશિયર્સ સહિત અનેક મોટા ગ્લેશિયર્સ છે. આવી સ્થિતિમાં કેદાર ઘાટીમાં જો કોઈ ઘટના બને છે તો તેની અસર હરિદ્વાર સુધી પહોંચી શકે છે. ૨૦૧૩માં થયેલી દુર્ઘટનાએ ચમોલી, રુદ્રપ્રયાગ, ઉત્તરકાશી અને કેદારઘાટીને સંપૂર્ણપણે તબાહ કરી નાખ્યા હતા. આ દુર્ઘટનામાં લગભગ ૧૦ હજાર લોકોના મોત થયા હોવાનો અંદાજ છે.

# આસામમાં ત્રણ લાખથી વધુ લોકો બેઘર

## જુલાઈમાં સામાન્ય કરતાં વધુ વરસાદ, પશ્ચિમ હિમાલય અને મધ્ય ભારતમાં પૂરનો ભય:અત્યાર સુધીમાં ૬૦ લોકો મૃત્યુ પામ્યા



નવીદિલ્હી,તા.૨

દેશના ઘણા ભાગોમાં વરસાદે ચહેરા પર સ્મિત લાવી રહ્યું છે, ત્યારે ઉત્તર-પૂર્વ તેના પ્રભાવ હેઠળ નિરાશ છે. છેલ્લા એક મહિનાથી પૂર સામે ઝઝૂમી રહેલા આસામ અને અરુણાચલના લોકો અસ્થાયી કેમ્પમાં રહે છે. આસામમાં ૩ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત છે અને અત્યાર સુધીમાં ૬૦થી વધુ લોકોના મોત થયા છે. અવિરત વરસાદને કારણે બ્રહ્મપુત્રા નદીમાં પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે થોડા દિવસોથી શાંત થયા બાદ પૂરે ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને નાગાંવ, ડિબ્રુગઢ સહિત એક ડઝન જિલ્લાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. લોકોના ઘર ઘૂંટણ સુધી પાણીમાં ગરકાવ છે. એનડીઆરએફની ટીમો તેમને સલામત સ્થળે લઈ જઈ રહી છે. ગુજરાતના સુરતમાં પણ વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. મોટી સંખ્યામાં વૃક્ષો પડવાને કારણે ઘણા રસ્તાઓ બંધ છે. બદ્રીનાથ ધામમાં અલકનંદા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે.બપોરે નદીનું જળસ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. પોલીસ પ્રશાસને તપ્તકુંડને ખાલી કરાવ્યું છે. અહીંથી નદીનું જળસ્તર માત્ર છ ફૂટ નીચે છે. નારદ શિલા અને વરાહશિલા પાણીમાં ડૂબી ગયા છે. પોલીસે સમગ્ર ધામમાં જાહેરાત કરી મુસાફરો અને સ્થાનિક લોકોને એલર્ટ કર્યા હતા. આ ઉપરાંત તપ્તકુંડને પણ ખાલી કરાવવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ઉપરવાસમાં વરસાદને કારણે અલકનંદા નદીના જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે. સોમવારે બપોરે બદ્રીનાથ ધામમાં અલકનંદાનું જળસ્તર ઝડપથી વધવા લાગ્યું. થોડી જ વારમાં તપ્તકુંડ પાસે પાણી વહેવા લાગ્યું. સાંજે અલકનંદા તપ્તકુંડથી છ ફૂટ નીચે વહી રહી હતી. જ્યારે સામાન્ય દિવસોમાં અલકનંદા તત્પાકુંડથી લગભગ ૧૫ ફૂટ નીચે વહે છે.જુલાઈ મહિનામાં દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદની શક્યતા છે. વધુ પડતો વરસાદ પશ્ચિમ હિમાલયના રાજ્યો અને મધ્ય ભારતના નદીના વિસ્તારોમાં પૂરનું જોખમ ઊભું કરે છે. ભારતીય હવામાન વિભાગે સોમવારે આ આગાહી વ્યક્ત કરી હતી. એવું પણ કહેવામાં આવ્યું હતું કે જૂન મહિનામાં સામાન્ય કરતાં ૧૧ ટકા ઓછો વરસાદ થયો હતો. આઈએમડી ના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે દેશભરમાં જુલાઈમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. આ ૨૮.૦૪ સે.મી.ની લાંબા ગાળાની સરેરાશના ૧૦૬ ટકાથી વધુ છે. તેમણે કહ્યું કે પૂર્વોત્તર ભારતના ઘણા ભાગો અને ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને દક્ષિણપૂર્વ દ્વીપકલ્પના કેટલાક ભાગો સિવાય દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય અને સામાન્યથી વધુ વરસાદની સંભાવના છે. IMDના વડાએ જણાવ્યું હતું કે પશ્ચિમ હિમાલયના રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહીનો અર્થ એ છે કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ અને કાશ્મીર તેમજ પશ્ચિમ હિમાલયની તળેટીમાં અતિશય વરસાદ પડશે.આ એક એવો વિસ્તાર છે જ્યાં ભારે વરસાદને કારણે વાદળ ફાટવાનું, ભૂસ્ખલન અને પૂરનું જોખમ વધારે છે. ઘણી મોટી નદીઓ પણ આ રાજ્યોમાંથી નીકળે છે. મધ્ય ભારતમાં અતિશય વરસાદને કારણે ગોદાવરી, મહાનદી અને અન્ય ઘણી નદીઓમાં પૂરનો ભય છે. આઈએમડીનાના ડેટા અનુસાર, જૂન મહિનામાં દેશભરમાં ૧૪૭.૨ એમએમ વરસાદ નોંધાયો હતો, જે સામાન્ય કરતાં ૧૬૫.૩ એમએમ વરસાદ ઓછો છે. ૨૦૦૧ પછી સાતમી વખત જૂન મહિનામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો છે. દેશમાં ચાર મહિનાની ચોમાસાની મોસમ દરમિયાન નોંધાયેલા ૮૭ સેમી વરસાદમાંથી જૂનનો વરસાદ ૧૫ ટકા છે. આ વર્ષે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧ જૂનની નિર્ધારિત તારીખ પહેલાં જ ૩૦ મેના રોજ કેરળ અને ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં ત્રાટક્યું હતું. મહારાષ્ટ્ર સુધી ચોમાસું સામાન્ય ગતિએ આગળ વધ્યું હતું, પરંતુ તે પછી તેની ગતિ ધીમી પડી હતી. જેના કારણે પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ, બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ચોમાસું મોડું પહોંચ્યું હતું અને ઉત્તર ભારતમાં ગરમીનું પ્રમાણ વધ્યું હતું. જૂન મહિનામાં ૧૧મીથી ૨૭મી સુધીના ૧૬ દિવસ દરમિયાન સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો હતો.આઈએમડીના ડાયરેક્ટર જનરલ મહાપાત્રાએ જણાવ્યું હતું કે આ ઉનાળાની સિઝનમાં દેશમાં ૫૩૬ હીટ વેવ દિવસો હતા. તેના કારણે ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં ૧૯૦૧ પછી જૂન મહિનામાં સૌથી વધુ ગરમી નોંધાઈ છે. આ વર્ષે જૂન મહિનામાં ૧૮૧ હીટવેવ દિવસો હતા. અગાઉ જૂન ૨૦૧૦માં ૧૭૭ હીટ વેવ જોવા મળ્યા હતા. તેમણે કહ્યું કે ઉત્તર-પશ્ચિમ ભારતમાં માસિક સરેરાશ મહત્તમ તાપમાન ૩૮.૦૨ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૧.૯૬ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૫.૪૪ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૧.૩૫ ડિગ્રી સેલ્સિયસ વધુ છે.

# અંબાજીમાં ભાદરવી પૂનમનો ૧૨થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે




અંબાજી, તા.૨

ગુજરાતમાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે ૧૨થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજનાર આ ભવ્ય મેળામાં અંદાજે લાખો યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. ભાદરવી પૂનમનો મેળો યાદગાર બનાવવા માટે કલેકટર, દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વિભાગો સાથે બેઠક કરી હતી.

અંબાજી ખાતે આ વર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે. જેમાં સૌથી વિશેષ છે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ. સમગ્ર અં-બાજીમાં લાઈટિંગનો એવો ઝળહળાટ ઊભો કરવામાં આવશે કે, ભક્તોને ચોતરફ માતાજીની ઝાંખી જોવા મળશે.

ચાચર ચોકમાં અનેક મંડળો દ્વારા ગરબા ગાયન અને ગરબા રમવાનાં વિશિષ્ટ આયોજનો થાય છે. વિવિધ સંઘો દ્વારા ભવાઈ તથા રાસ-ગરબાનાં આયોજનો પણ થાય છે. ઢોલ- પખવાજ, ત્રાંસા શરણાઈ અને તબલાના તાલે મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓ ગરબે ઝૂમે છે. ગામના લોકો આ મેળા દરમિયાન પોત પોતાનાં ઘરો-દુકાનો અને મુખ્ય માર્ગો પર શણગાર અને રોશની કરીને અંબાજી ગામને શણગારે છે.

# HDFC Bank સિસ્ટમ અપગ્રેડ કરશે

મુંબઈ, તા.૦૨

HDFC બેંક ગ્રાહકોની વધતી સંખ્યા વચ્ચે સારી સેવાઓ અને ગ્રાહક અનુભવ જાળવવા માટે તેની સિસ્ટમને અપગ્રેડ કરી રહી છે. આ અંતર્ગત બેંક તેની કોર બેંકિંગ સિસ્ટમને નવા અને આધુનિક પ્લેટફોર્મ પર શિફ્ટ કરી રહી છે. બેંકના મતે કુલ સાડા ૧૩ કલાકનો સમય લાગશે. બેંકે માહિતી આપી છે કે આ સમયગાળા દરમિયાન કેટલીક સેવાઓ અસ્થાયી રૂપે પ્રભાવિત થઈ શકે છે. બેંકે એક રિલીઝ દ્વારા માહિતી આપી છે કે એવી કઈ સેવાઓ છે જે સિસ્ટમ અપગ્રેડ દરમિયાન જ ગ્રાહકોને ફક્ત ઉપલબ્ધ થશે. બેંકે તેના ગ્રાહ-કોને જાણ કરી છે કે બેંકની સિસ્ટમ ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ અપગ્રેડ કરવામાં આવશે. આ પ્રક્રિયા ૧૩ જુલાઈ શનિવારે સવારે ૩ વાગ્યે શરૂ થશે અને શનિવારે જ સાંજે ૪.૩૦ વાગ્યે સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન કેટલીક સેવાઓને અસર થઈ શકે છે.


# ઈટાલી, સ્વિત્ઝર્લેન્ડ, મેક્સિકો... વિશ્વના ઘણા ભાગોમાં પૂર-વરસાદની તબાહી



નવી દિલ્હી, તા.૨

આ દિવસોમાં, વિશ્વના ઘણા ભાગોમાં પૂર અને વરસાદના કારણે વિનાશ છે. ઈટાલીથી સ્વિટ્ઝર્લેન્ડ અને મેક્સિકોથી બાર્બાડોસ સુધી હવામાને પાયમાલી કરી છે. આ દરમિયાન અહીં ભૂસ્ખલનની અનેક ઘટનાઓ પણ સામે આવી છે. આવી સ્થિતિમાં, અમે તમને જણાવીએ કે આ સમયે કયા દેશોમાં વરસાદને કારણે સમસ્યા ઊભી થઈ રહી છે. ઈટાલીના નોઆસ્કા શહેરમાં પણ વરસાદે તબાહી મચાવી છે. અહીં નદીઓમાં પાણી એટલું વધી ગયું છે કે પૂરની સ્થિતિ સર્જાઈ છે. આવી ઘણી તસવીરો પણ કેમેરામાં કેદ થઈ છે, જેમાં અવિરત વરસાદ બાદ નદીઓ વહેતી જોવા મળે છે.પશ્ચિમી દેશ સ્વિટ્ઝરલેન્ડમાં પણ વરસાદના કારણે સ્થિતિ ભયંકર છે. અહીં ભીષણ પૂરના કારણે અનેક રસ્તાઓ અને ટ્રેનના પાટા પાણીમાં ડૂબી ગયા છે. તાજેતરમાં, ૩૦ જૂને, સ્વિટ્ઝર્લેન્ડના વેલાઈસ પ્રદેશમાં પીગળતા ગ્લેશિયર્સ અને તીવ્ર વાવાઝોડાને કારણે રસ્તાઓ અને રેલ્વે લાઈનો ડૂબી ગઈ હતી. ત્યાં હાજર લોકોના વીડિયોમાં સિએરેના એક વેરહાઉસની આસપાસ પૂરનું પાણી જોવા મળ્યું હતું.અમેરિકા ના પાડોશી દેશ મેક્સિકોમાં પણ પૂર અને વરસાદના કારણે સ્થિતિ ખરાબ છે. અહીં અલ્બુકર્ક શહેરમાં ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. ડાઉનટાઉન વિસ્તારમાં કેટલાક આંતરછેદો ડૂબી ગયા હતા, કાર ફસાઈ હતી, જેને પાછળથી સલામત સ્થળે ખસેડવામાં આવી હતી. લોકોના જણાવ્યા અનુસાર, તેઓએ ડાઉનટાઉન અલ્બુકર્ક તરફ જતા અંડરપાસમાં એક બસ અને એસયુવીને ફસાયેલી જોઈ. અલ્બુકર્ક ફાયર અધિકારીઓએ જણાવ્યું હતું કે તોફાન શરૂ થયા પછી તેમને લગભગ ૧૦૦ કોલ મળ્યા હતા. શહેરના અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂરમાં વધારો થતાં કેટલાક પમ્પિંગ સ્ટેશનો ક્ષમતા સુધી પહોંચી ગયા છે.

# ભાગેડુ વિજય માલ્યા સામે બિનજામીનપાત્ર વોરંટ જારી



નવી દિલ્હી, તા.૨

ઈન્ડિયન ઓવરસીઝ બેંક ને સંડોવતા રૂ. ૧૮૦ કરોડના લોન ડિફોલ્ટ કેસમાં ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા વિરુદ્ધ મુંબઈની એક વિશેષ અદાલતે બિનજામીનપાત્ર વોરંટ (NBW) જારી કર્યું છે. સીબીઆઈ સ્પેશિયલ કોર્ટના જજ એસ.પી. નાઈક નિમ્બાલકરે ૨૯ જૂને માલ્યા સામે બિનજામીન પાત્ર વોરંટ જારી કર્યું હતું અને વિગતવાર આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સીબીઆઈની દલીલ અને ૬૮ વર્ષીય વેપારીની “ભાગુગી” તરીકે ની સ્થિતિને ધ્યાનમાં રાખીને જારી કરાયેલા અન્ય બિન-જામીનપાત્ર વોરંટને ટાંકીને કોર્ટે કહ્યું કે, “તે તેની સામે ખુલ્લેઆમ એનબીડબ્લ્યુ જારી કરવા સમાન છે.” કેસ.”આ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ દાવો કર્યો છે કે નિષ્ક્રિય કિંગફિશર એરલાઈન્સના પ્રમોટરે ચૂકવણીમાં “ઈરાદાપૂર્વક” ડિફોલ્ટ કરીને સરકારી બેંકને ૧૮૦ કરોડ રૂપિયાથી વધુનું ખોટું નુકસાન પહોંચાડ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તપાસ કરાયેલા મની લોન્ડરિંગ કેસમાં પહેલાથી જ ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરાયેલો દારૂનો વેપારી હાલમાં લંડનમાં છે અને ભારત સરકાર તેના પ્રત્યાર્પણની માંગ કરી રહી છે.આ વોરંટ CBI દ્વારા નોંધાયેલા છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, ૨૦૦૭ અને ૨૦૧૨ વચ્ચે તત્કાલિન કિંગફિશર એરલાઇન્સ દ્વારા IOB પાસેથી લેવામાં આવેલી લોનનો કથિત રીતે અન્ય હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# અમરનાથ યાત્રા : ત્રણ દિવસમાં ૫૧ હજારથી વધુ ભક્તો બાબાના દરબારમાં પહોંચ્યા





નવી દિલ્હી, તા.૨

શ્રી અમરનાથ યાત્રા માટે દેશભરમાંથી આવતા શિવભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાબા બર્ફાનીના દર્શન કરવા માટે દરરોજ હજારો ભક્તો આવી રહ્યા છે. ત્રીજા દિવસે બાબાના દરબારમાં ૨૩,૪૩૭ ભક્તો આવ્યા હતા. જેના કારણે માત્ર ત્રણ દિવસમાં કુલ યાત્રાળુઓની સંખ્યા ૫૧,૦૦૦ને વટાવી ગઈ છે. આ પ્રવાસ પરંપરાગત પહેલગામ અને બાલટાલ માર્ગ દ્વારા ચાલુ રહે છે. આ દરમિયાન જમ્મુના બેઝ કેમ્પ ભગવતી નગરથી ૬૪૬૧ શ્રદ્ધાળુઓનું એક જૂથ કાશ્મીર માટે રવાના થયું હતું.

જમ્મુથી બાલતાલ જવા નીકળેલા જૂથમાં ૧૬૨૮ પુરૂષો, ૫૨૫ મહિલાઓ, ૭ બાળકો, ૧૪૫ સાધુઓ અને ૧૬ સાધ્વીઓનો સમાવેશ થાય છે. એ જ રીતે, પહેલગામમાં ૩૨૦૩ પુરૂષ, ૬૯૮ સ્ત્રીઓ, ૭ બાળકો, ૧૮૭ સાધુ અને ૪૫ સાધ્વીઓ છે. આ મુસાફરો ૨૬૫ નાના-મોટા વાહનોમાં ગ્રુપ સાથે ગયા છે. છેલ્લા ત્રણ દિવસથી જમ્મુના બેઝ કેમ્પથી ૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓનો સમૂહ સતત જઈ રહ્યો છે.હવામાન પણ પ્રવાસીઓને સાથ આપી રહ્યું છે. જો કે, જમ્મુમાં છેલ્લા બે દિવસથી વહેલી સવારના વરસાદ બાદ દિવસ દરમિયાન વાતાવરણ ખુલી રહ્યું છે અને ગરમીની સાથે ભેજ પણ પરેશાન કરી રહ્યો છે. પરંતુ મુસાફર-ોના ઉત્સાહમાં કોઈ કમી જોવા મળી રહી નથી. જમ્મુમાં તાત્કાલિક નોંધણી માટે ટોકન મેળવવા માટે ભક્તો મોડી રાતથી રેલવે સ્ટેશન નજીક સરસ્વતી ધામ પહોંચી રહ્યા છે.

ભક્તોની આસ્થાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે લાંબી લાઈનોમાં ઊભા રહેવા છતાં ભક્તોના ચહેરા પર થાક દેખાતો નથી. બમ બમ ભોલે અને જય શિવ શંકરના નારાથી સમગ્ર વાતાવરણ શિવમય બન્યું છે.

# બાબા રામદેવ: પતંજલિ ફૂડ્સે જાહેરાત કરી

નવીદિલ્હી, તા.૦૨

પતંજલિ ફૂડ્સે ૧ જુલાઈએ જણાવ્યું હતું કે તેના બોર્ડે તેની પેરેન્ટ કંપની પતંજલિ આયુર્વેદના નોન-ફૂડ બિઝનેસને રૂપિયા ૧,૧૦૦ કરોડમાં ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપી છે. એટલે કે કંપની પતંજલિ આયુર્વેદના હોમ કેર અને પર્સનલ કેર બિઝનેસને ખરીદશે. કંપનીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે સ્લમ્પ સેલના આધારે એક્વિઝિશન કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોને વિસ્તૃત કરશે. રામદેવ પતંજલિ આયુર્વેદના સહ-સ્થાપક છે જ્યારે બાલકૃષ્ણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે. કંપનીનો નોન-ફૂડ બિઝનેસ હાલમાં ડેન્ટલ કેર, સ્કિન કેર, હોમ કેર અને હેર કેરનું કામ કરે છે. હોમ એન્ડ પર્સનલ કેર બિઝનેસ હસ્તગત કરવાની આ વ્યૂહાત્મક પહેલ કંપનીના હાલના FMCG પ્રોડક્ટ પોર્ટફોલિયોને બહુવિધ કી બ્રાન્ડ્સ સાથે મજબૂત બનાવશે જે આવક અને EBITDAમાં નોંધપાત્ર વૃદ્ધિમાં ફાળો આપશે. આ ઉપરાંત કંપનીઓ વચ્ચે ૩ ટકા ટર્નઓવર આધારિત ફી તેમજ અન્ય શરતો માટે લાયસન્સિંગ વ્યવસ્થા પર પણ સહમતિ બની છે. સોમવારે, પતંજલિ ફૂડ્સના શેરમાં અદભૂત વધારો જોવા મળ્યો હતો. જે ૭.૪૫ ટકાના વધારા સાથે રૂપિયા ૧,૭૧૦ પર બંધ થયો હતો. છેલ્લા એક વર્ષમાં કંપનીના શેરમાં ૪૩.૪૯ ટકાનો વધારો જોવા મળ્યો છે. શેરની ૫૨ સપ્તાહની ઊંચી સપાટી રૂપિયા ૧,૭૨૨ છે.

# બજેટ પાસેથી અપેક્ષાઃ ઈલેક્ટ્રોનિક ઉત્પાદકો ડ્યુટી દરોમાં મોટો કાપ ઈચ્છે છે




નવીદિલ્હી,તા.૨

દેશમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ૧૧૫ બિલિયન ડૉલરનું થઈ ગયું છે, જ્યારે મોબાઈલ ફોનની નિકાસ ૧૫ બિલિયન ડૉલર સુધી પહોંચી ગઈ છે. આવી સ્થિતિમાં, સેલ્યુલર ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રી એસોસિએશન આઈસીઈએના જણાવ્યા અનુસાર, આ વૃદ્ધિને ચાલુ રાખવા માટે સરકારે આગામી બજેટમાં ડ્યૂટી દરોમાં મોટો કાપ મૂકવો પડશે. ઈલેક્ટ્રોનિક સેક્ટર એસોસિએશન આઈસીઈએ સરકાર સમક્ષ બજેટને લઈને પોતાની માંગણીઓ રજૂ કરી છે. ઉત્પાદન લિંક પ્રોત્સાહક યોજનાને કારણે છેલ્લા ૫ વર્ષોમાં દેશમાં ઈલેક્ટ્રોનિક ક્ષેત્રે ઉત્પાદન ઝડપથી વધ્યું છે. તેની નિકાસ પણ ૨૯ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. ઈન્ડસ્ટ્રી ઈચ્છે છે કે સરકાર તેને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં અનેક પગલાં ભરે. આઈસીઈએએ માંગણી કરી છે કે તમામ પ્રકારના ઈલેક ટ્રોનિક ઘટકોની એસેમ્બલી પર તમામ પ્રકારની ડ્યુટી ઘટાડીને શૂન્ય કરવામાં આવે. હાલમાં, મોબાઈલ ફોનના ઉત્પા દન પર ૭ પ્રકારના ચાર્જીસ છે, આને સરળ બનાવવું જોઈએ અને માત્ર ચાર પ્રકારના ચાર્જ રાખવા જોઈએ. આઈસીઈ એ પરની ડ્યુટી ૨૦% થી ઘટાડીને ૧૫% કરવી જોઈએ. ચાર્જર, માઈક અને રીસીવર પરની ડ્યુટી ૧૫% થી ઘટાડીને ૧૦% કરવી જોઈએ. સીબીએ ભાગો, કનેક્ટર્સ, કેમેરા મોડ્યુલ પરની ડ્યુટી સંપૂર્ણપણે નાબૂદ કરવી જોઈએ. ઈન્ડસ્ટ્રીના મતે આનાથી સરકારને કોઈ પણ રીતે નુકસાન નહીં થાય. આઈસીઈએના ચેરમેન પંકજ મહેન્દ્રુના જણાવ્યા અનુસાર, સરકારે આગામી ૫ થી ૮ વર્ષ માટે લગભગ ૪૫,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોત્સાહનો આપવા પડશે. ઉદ્યોગના મતે ભારતમાં ઈનપુટ સ્માર્ટફોન પરની ડ્યુટી ચીન કરતા ૭.૪% અને વિયેતનામ કરતા ૦.૭% વધારે છે. સરકાર આમાં ઘટાડો કરીને ઉદ્યોગને પ્રોત્સાહન આપી શકે છે. નવી સરકાર આ મહિને બજેટ રજૂ કરવા જઈ રહી છે. જો કે હજુ સુધી બજેટની તારીખ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી. એવું માનવામાં આવે છે કે બજેટ ૨૨મી જુલાઈએ આવી શકે છે. સરકાર બન્યા બાદ આ પ્રથમ પૂર્ણ બજેટ છે. તેથી દરેક ક્ષેત્ર સરકાર સમક્ષ પોતાની માંગણીઓ મૂકી રહ્યું છે.

# દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈને નોટિસ પાઠવીને સમન્સ પાઠવ્યું, કેજરીવાલે ધરપકડને પડકારી હતી

નવીદિલ્હી,તા.૨

દિલ્હી હાઈકોર્ટે જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સીબીઆઈને નોટિસ પાઠવી તેનો જવાબ માંગ્યો છે. હવે આ મામલામાં આગામી સુનાવણી ૧૭ જુલાઈએ થશે. તમને જણાવી દઈએ કે સીએમ કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ સીબીઆઈ દ્વારા ધરપકડ પર સવાલ ઉઠાવ્યા હતા. તેણે કહ્યું કે ૬ મહિના પહેલા સમન્સ જારી કરવામાં આવ્યું હતું અને ૨૩ જૂને તેની ધરપકડ કરવામાં આવી હતી, જેની કોઈ જરૂર નહોતી. તેમણે કહ્યું કે કેજરીવાલ આતંકવાદી નથી કે દેશ છોડીને ભાગી જવાનું જોખમ નથી. કેજરીવાલ પહેલાથી જ ન્યાયિક કસ્ટડીમાં હતા. આ સિવાય સીએમ કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે ૨૦૨૨માં નોંધાયેલા કેસની ૨૦૨૪માં પૂછ પરછ કરવામાં આવી હતી. વાસ્તવ માં સીએમ કેજરીવાલે સીબીઆઈ દ્વારા કરાયેલી ધરપકડને દિલ્હી હાઈકોર્ટમાં પડકારી છે. આ ઉપરાંત અરવિંદ કેજરીવાલે સીબીઆઈના રિમાન્ડને પણ દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. હવે આ મામલામાં દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈને ૭ દિવસમાં જવાબ દાખલ કરવા કહ્યું છે. જે બાદ કેજરીવાલે બે દિવસમાં સીબીઆઈના જવાબ પર પોતાનો જવાબ દાખલ કરવાનો રહેશે. આ પછી હાઈકોર્ટ ૧૭ જુલાઈએ સુનાવણી કરશે.

હાઈકોર્ટે કહ્યું કે કેજરીવાલના વકીલો બે દિવસમાં જવાબ દાખલ કરી શકે છે, જો કોઈ હોય તો. અદાલતે દલીલો સાંભળવા માટે ૧૭ જુલાઈના રોજ કેસની સૂચિબદ્ધ કરી છે. ધરપકડ ઉપરાંત, આપના રાષ્ટ્રીય સંયોજકે ૨૬ જૂન અને ૨૯ જૂનના સબઓર્ડિનેટ કોર્ટના આદેશને પણ પડકાર્યો છે, જેના હેઠળ તેમને અનુક્રમે ત્રણ દિવસની સીબીઆઈ કસ્ટડી અને ૧૨ જુલાઈ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. કેજરીવાલની સીબીઆઈ દ્વારા તિહાર જેલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તેઓ ઈડી દ્વારા નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં ન્યાયિક કસ્ટડીમાં હતા.

# પાકિસ્તાને ૧૯૬૫, ૧૯૭૧ના યુદ્ધમાં ગુમ થયેલા સંરક્ષણ કર્મચારીઓની યાદી ભારતને સોંપી

નવીદિલ્હી,તા.૨

પાકિસ્તાને ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં ગુમ થયેલા સંરક્ષણ કર્મચારીઓની યાદી ભારતને સોંપી છે. બંને દેશોએ એકબીજાની કસ્ટડીમાં નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીની આપલે કરી હતી. ભારત અને પાકિસ્તાને સોમવારે નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં એકસાથે રાજદ્વારી ચેનલો દ્વારા એકબીજાની કસ્ટડીમાં નાગરિક કેદીઓ અને માછીમારો ની યાદીની આપ-લે કરી છે એવું એક નિવેદનમાં જણાવાયું છે. પાકિસ્તાને ૩૮ ગુમ થયેલા પાકિસ્તાની સંરક્ષણ કર્મચારીઓની યાદી પણ સુપરત કરી છે. જેઓ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધોથી ભારતીય કસ્ટડીમાં હોવાનું માનવામાં આવે છે, એમ વિદેશ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. પાકિસ્તાને ૨૫૪ ભારતીય અથવા પાકિસ્તાની જેલમાં બંધ ભારતીય નાગરિક કેદીઓ અને માછીમારોની યાદી સોંપી છે. જ્યારે ભારતે ૪૫૨ પાકિસ્તાની અથવા ભારતીય જેલમાં બંધ પાકિસ્તાની નાગરિક કેદીઓ અને માછીમારોની યાદી સોંપી છે. ૨૦૦૮ના દ્વિપક્ષીય કરારનીજોગવાઈઓહેઠળદર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ આવી યાદીઓની આપ-લે થાય છે. વિદેશ કાર્યાલયે કહ્યું કે સરકારે ભારતમાં તેમની સજા પૂરી કરી ચૂકેલા તમામ પાકિસ્તાની કેદીઓને તાત્કાલિક મુક્ત કરવા અને તેમને સ્વદેશ પરત લાવવા વિનંતી કરી છે.

વિદેશ કાર્યાલયે કહ્યું કે સરકારના પ્રયાસોના ભાગ રૂપે ૨૦૨૩માં ૬૨ અને ચાલુ વર્ષમાં ચાર પાકિસ્તાની કેદીઓની વાપસી અત્યાર સુધીમાં સુનિશ્ચિત કરવામાં આવી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## રાપર તા.પં.ના વિસ્તરણ અધિકારીને નિવૃત્તિ વિદાયમાન અપાયું



રાપર તા.૨

રાપર તાલુકા વિસ્તરણ અધિકારી તરીકે ફરજ બજાવતા કે.એમ. ડામોર વય મર્યાદાના કારણે નિવૃત થતાં તાલુકા પંચાયત કચેરી ખાતે વિકાસ અધિકારી એ.આર. ત્રિવેદીના અધ્યક્ષ પદે વિદાયમાન આપવામાં આવ્યું હતું, નિવૃત થતાં કે.એમ ડામોરે ૩૪ વરસની નોકરી દરમિયાન તલાટી સહમંત્રી તરીકે રાપર, અંજાર, અબડાસા, લખપત ફરજ બાદ પ્રમોશન સાથે વિસ્તરણ અધિકારી તરીકે રાપર ખાતે નિવૃત્ત થયા એમણે સમગ્ર સ્ટાફનો આભાર માન્યો હતો. તાલુકા વિકાસ અધિકારી શ્રી ત્રિવેદી નિવૃત્ત થતાં શ્રીડામોરને નિવૃત્તિ જીવન સુખમય અને નિરોગી રહે તેવી શુભેચ્છા પ ઠવી હતી તાલુકા પંચાયત કચેરીના સ્ટાફ દ્વારા મોમેન્ટો અને શ્રીફળ તથા સાકર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હુશેન જીએજા, ભુપતદાન ગઢવી, પ્રકાશ ચૌહાણ, દિનેશ સુથાર, શિલાબેન બારીયા, જે.કે ભારવાણી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આંબાભાઈ મકવાણા, જિલ્લા તલાટી મંડળના પ્રમુખ વિજય ગૌસ્વામી, તાલુ-કા તલાટી મંડળના પ્રમુખ બળદેવ પરમાર, મિતેશ પટેલ,બિપીન કડીયા, જીતુદાન ગઢવી દેવાભાઈ આહિર, સંજય રાઠોડ અલપાબેન પ ટેલ મહેશ પરસોંડ ચંદ્રકાંત પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા

## અંજાર શહેર હરિયાળું બનાવવા વૃક્ષારોપણ



અંજાર તા.૨

"એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત આજે ગોવર્ધન પર્વત, સત્તાપર (અંજાર) મધ્યે, કારગીલ કંપનીના સહયોગથી મહંત ત્રિકમદાસજી મહારાજના સાનિધ્યમાં ધારાસભ્ય ત્રિકમ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી પ્રારંભ કરી આશિર્વચન આપી મહંત ત્રીકમદાસજી મહારજે પર્યાવરણ જતન માટે વૃક્ષનું મહત્વ સમજાવી વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા લોકોને જાહેર અપીલ કરી હતી. કાર્યક્રમમાં અંજાર શહેર, તાલુકાના ચૂંટાયેલા પદાધિકારીઓ તથા સંગઠનના સર્વે કાર્યકર્તાઓ અને પર્યાવરણ પ્રેમી લોકો ઉપસ્થિત રહેયા હતા.

## કચ્છ ભાજપ દ્વારા ત્રિવિધ કાર્યક્રમો યોજાયા



ભુજ તા.૨

સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ સાથે મન કી બાત કાર્યક્રમનું આયોજન ભાજપ દ્વારા કરાયું ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટી ફરી થી એક્શન મોડમાં આવી ગઈ હોય તેમ પ્રજાલક્ષી, પ્રકૃતિ લક્ષી, તેમજ પાર્ટી ને લગતા કાર્યક્રમોની જાણે ભરમાર લાગી હોય તેમજિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદની અધ્યક્ષતામાં જિલ્લા ભાજપ દ્વારા સૌ પ્રથમ ભુજ ના હૃદયસમાં હમીરસર તળાવની સફાઈનું કામ કરી સ્વાચ્છતા અભિયાન અદરાયું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપરાંત વિવિધ સંસ્થાઓ, સામાજીક કાર્યકરો, સેવાભાવી નાગરિકો પણ જોડાયા હતા.યોગાનુયોગ સફાઈ અભિયાન પૂરું થયાં બાદ વરસાદનું આગમન પણ થતા આ અભિયાન સાર્થક ગયું હોય તેવું જણાયું હતું. ત્યારબાદ જિલ્લા ભાજપ કાર્યાલય કચ્છ કમલમ ની પાછળ ની બાજુ વૃક્ષા રોપણનું કાર્યક્રમ આગેવાનો ના હાથે કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચૂંટણી બાદ આજ થી ફરી શરૂ થયેલ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની મન કી બાત કાર્યક્રમમાં જિલ્લા અધ્યક્ષ દેવજી વરચંદ,ધારાસભ્ય કેશુ પટેલ ની હાજરીમા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહી મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો હતો, મન કી બાત નો કાર્યક્રમ કચ્છ જિલ્લાના તમામ બુથોમાં સાથે બેસી ને સાંભળવાનો આયોજન કરવામાં આવ્યું જેમાં ભાજપ માં આગેવાન અને કાર્યકરો પણ જોડાયા હતા.

## વરસાદમાં જરૂરતમંદ લોકોને રાશનકીટ તથા ભોજન પહોંચાડાયું



ભુજ તા.૨

છેલ્લા ૪ દિવસથી ભુજ વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ભુજની માનવજ્યોત સંસ્થા દ્વારા ભુંગા-ઝુંપડાઓમાં રહેતા પરિવારોને રાશનકીટ તથા ભોજન પહોંચાડવામાં આવ્યું હતું. પ્રબોધ મુનવર,પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, દીપેશ શાહ, શંભુ જોષી, સહદેવસિંહ જાડેજા, કનૈયાલાલ અબોટી, મુરજી ઠક્કર, પ્રવિણ ભદ્રા, ગોવિંદ પાટીદાર, નિતીન ઠક્કરે જુદા- જુદા વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા સંભાળી હતી. ગરીબ પરિવારોએ સંસ્થાને આર્શિવાદ પાઠવ્યા હતા.

# રાજ્ય સરકારનો નિર્ધાર : વર્ષના અંત સુધીમાં રાજ્યમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે

ભુજ તા.૨

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધારેમાં વધારે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે છેલ્લા ચાર વર્ષથી રાજ્ય સરકાર દ્વારા તથા રાજ્યપાલના માર્ગદર્શન હેઠળ ઝુંબેશના રૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે.

ચાલુ વર્ષના અંત સુધીમાં રાજ્યમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તથા દરેક ગ્રામ પંચાયતમાં એક મોડલ ફાર્મ તૈયાર કરવાનો નિર્ધાર રાજ્ય સરકારનો છે, જે અંતર્ગત તાજેતરમાં ભચાઉ તાલુકાના ગુણાતીતપુરના શેઠીયા પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે આત્મા યોજના અંતર્ગત ખેડૂત વૈજ્ઞાનિક વાર્તાલાપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિના રાજ્ય સંયોજક મહાત્મા પ્રફુલ સેજંલીયા, જિલ્લા સંયોજક દેવશી પરમાર, જિલ્લા સહસંયોજક મણિલાલ માવાણી તેમજ તાલુકાઓના સંયોજક, સહ સંયોજક, પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મ ધરાવતા ખેડુતો અને ફાર્મર માસ્ટર ટ્રેનર તેમજ આત્મા યોજનાના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર, બ્લોક ટેકનોલોજી મેનેજર અને આસી. ટેકનોલોજી મેનેજર હાજર રહ્યા હતા. તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના તમામ આયામો તથા મોડલ ફાર્મની મુલાકાત મેળવી પંચસ્તરીય બાગાયત મોડલ ફાર્મ વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિના રાજ્ય સંયોજક મહાત્મા પ્રફુલ સેજંલીયા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે, બાગાયતમાં પંચસ્તરીય પાકોના મોડલ ફાર્મની અગત્યતા, પાકોના મુલ્યવર્ધન અંગે તથા પ્રાકૃતિક કૃષિ પ્રદેશ સદસ્ય હિતેષ વોરા દ્વારા પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો વિષે માહિતી અપાઇ હતી.



**ભચાઉ તાલુકાના ગુણાતીતપુરના પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે આત્મા યોજના અંતર્ગત ખેડૂતો સાથે વૈજ્ઞાનિક વાર્તાલાપ**

ઝોન સંયોજક રતીલાલ શેઠીયા દ્વારા શેઠીયા ફાર્મામાં આવેલા પંચસ્તરીય બાગાયતી મોડલનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરાવી આ મોડલ ફાર્મમાંથી વર્ષ દરમિયાન થતી આવક અને ખર્ચ વિશે વિગતવાર માહિતી ખેડૂતોને આપવામાં આવી હતી. પ્રોજેક્ટ ડાયરેક્ટર પી.કે. તલાટી દ્વારા શાબ્દીક સ્વાગત કરવા સાથે પ્રાકૃતિક કૃષિની અગત્યતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિભાગીય સંશોધન કેન્દ્ર- ભચાઉના સહ સંશોધન વૈજ્ઞાનિક આર.એમ. જાડેજા દ્વારા પ્રાકૃતિક કૃષિમાં જમીન,પાણી અને મિત્ર કીટકોની અગત્યતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, કાર્યક્રમનું સંચાલન કલ્પેશ મહેશ્વરી, ડે.પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

# અંજારમાં પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં શિક્ષાના વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ



અંજાર તા.૨

આજે પ્રાંત અધિકારી અને મદદનીશ કલેકટર શ્રી સુનિલની અધ્યક્ષતામાં બ્લોક રિસોર્સ સેન્ટર ખાતે શિક્ષાના વિવિધ વિભાગોની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બ્લોક રિસોર્સ સેન્ટર ખાતે કાર્યરત એમઆઈએસ, આઈઈડી, શાળા બહારના બાળકોનું શિક્ષણ, વોકેશનલ ટ્રેડ, ટ્રાન્સપોર્ટેશન જેવા સમગ્ર શિક્ષાના વિવિધ વિભાગોની જાણકારી મેળવવામાં આવી સાથે સાથે સ્કૂલ ઓફ એક્સલન્સ, આરટીઇ, એસએમસી, શાળા કક્ષાએ મળતી ગ્રાન્ટોનો ઉપયોગ જેવા વિવિધ પ્રોજેક્ટની તલસ્પર્શી માહિતી પણ મેળવી સંબંધિત બાબતો પરત્વે યોગ્ય માર્ગદર્શન અને દિશા નિર્દેશ આપવામાં આવ્યા હતા. પ્રાંત અધિકારી શ્રી સુનિલ દ્વારા બી આર સી ભવન કેમ્પસમાં આવેલ કેજીબીવી પરિસરની પણ મુલાકાત લેવામાં આવી હતી, હાલ ચાલતી ચોમાસાની ઋતુ દરમિયાન કેજીબીવીમાં પાણી ભરાવાથી દીકરીઓને રહેવા, જમવા અને દૈનિક પ્રવૃત્તિઓ તથા અભ્યાસમાં પડતી મુશ્કેલીઓની જાણકારી મેળવી અને દીકરીઓની સલામતીને ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે અન્ય સલામત સ્થળે શિફ્ટ કરવા બાબતે ચર્ચા સાથે સાથે કેજીબીવીના નવનિર્માણ માટે જમીન સંપાદનની પ્રક્રિયા અંગે યોગ્ય માર્ગદર્શન આપવા સાથે સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા નિર્દેશ કરવામાં આવ્યા હતા. આ મિટિંગમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી.કો.ઓ, ટી.આર.પી,સી.આર.સી. કો.ઓ, તેમજ તમામ બ્લોક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# આડેસર: સબ ઈન્સ્પેક્ટરને વિદાયમાન અને નવા આવનારને આવકાર અપાયો

રાપર તા.૨

કચ્છના પ્રવેશદ્વાર આડેસર ખાતે છેલ્લા ૩૪ માસથી ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર ભરત રાવલની તાજેતરમાં પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા બદલી કરી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગાંધીધામ મુકવામાં આવતા તેમને વિદાયમાન આપવાનો કાર્યક્રમ ભચાઉ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આડેસર પીએસઆઇ તરીકે ફરજ દરમિયાન બી.જી રાવલ દ્વારા લાખો રૂપિયાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ,ગેરકાયદેસર હથિયાર અબોલ પશુઓની તસ્કરી, તથા મંદિર ચોરી, હાઈવે રોબરી કરતી આંતર જિલ્લા અને આંતર રાજય ગેંગને ઝડપી લેવા સહિતના ગુનાઓના ભેદ ઉકેલ્યા હતા,આડેસર ચેક પોસ્ટ પર ટીમો તૈનાત કરી બે નંબરના ધંધા પર તથા કચ્છમાં દારૂ ઘુસાડવા પર કડક પગલાં ઉપરાંત હાઈવે પર સતત પેટ્રોલીંગ કરી હાઈવે પર થતી તસ્કરીને નાબૂદ કરી હતી આડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ગામડામાં ભાઈચારો રહે તે માટે પ્રયાસો કરી હિન્દુ મુસ્લીમની એકતા જાળવી તમામ ધર્મના તહેવારો દરમિયાન શાંતિ જળવાઈ રહે તે માટે બેઠકો બોલાવી મહત્વની કામગીરી કરી હતી.

તેમની જગ્યાએ આવેલા ગાગોદર પીએસઆઇ વી.પી.આહિરને આવકાર આપવામાં આવ્યો હતો નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાએ વિદાય લેતા પ ીએસઆઇ રાવલને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું તો નવા આવેલા પીએસઆઇ વી.પી. આહિર ને શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું આ પ્રસંગે સણવા જાગીરના ઠાકોર કૃષ્ણાલસિંહ જાડેજા, માજી સરપંચ ભગાભાઈ આહિર, માજી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ કાનજી ગોહિલ, કાનાભાઈ રાજપૂત, મહાદેવ આહિર, રાણા આહિર, સંજય રાઠોડ,બાબુભાઈ ચૌધરી શિરીષ ચૌધરી, ચંદ્રકાંત ભાટીયા, દિલીપ પરમાર ગેનાજી સુથાર, અણદ ગઢવી, જયદીપસિંહ જાડેજા, ઉષાબેન, ચેતના પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા વિદાય લઈ રહેલા પીએસઆઇ એ પોલીસ સ્ટાફ તથા ઉપસ્થિત ગામલોકોને તેમને આપેલ સાથ સહકાર નવા આવેલા પીએસઆઇને આપવા માટે અપીલ કરી હતી, જ્યારે નવા પીએસઆઇ વી.પી.આહિરે કાયદો અને વ્યવસ્થા જાળવવા તમામ પોલીસ કર્મચારીઓ અને ગામના લોકોના સાથ સહકાર સાથે પ્રયાસ કરી આડેસર પોલીસ સ્ટેશનમાં આવતા વિસ્તારોમાં શાંતિ જળવાઈ રહે તે માટે બનતા પ્રયાસો કરાશે તેવું કહ્યું હતું, સમગ્ર સફળ આયોજન પોલીસ કર્મચારીઓ દ્વારા કરાયું હતું.





# ભચાઉ તાલુકાના નારણસરી નદીમાં થતું ગેરકાયદેસર રેતીનું ખનન અટકાવો

ભચાઉ તા.૨

તાલુકાના નારણસરી ગામે આ વિસ્તારના રેતી માફિયા તરીકે ઓળખ ધરાવતા શખ્શ દ્વારા ગેરકાયદેસર કરાતું રેતીનું બેફામ ખનન અટકાવવા પ્રાંત અધિકારી તેમજ કલેક્ટરને શિકારપુરના જાગૃત પશુપાલકોએ અટકાવવા લેખિત રજુઆત કરી છે.

શિકારપુરના જાગૃત અરજદાર નાગરિકો અરજદાર વિભા ભલુ રબારી, રામા જેઠા રબારી, કારા દેવજી રબારી, મશરુ મંગા રબારી એ નાયબ કલેક્ટર ને પાઠવેલ પત્રમાં જણાવ્યું હતું કે, ભચાઉ તાલુકાના નારણસરી ગામની નદી માં રેતી માફિયાઓ દ્વારા રેતીનું ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે, જેથી માલધારીઓના છેટા-બકરા ગાય ભેંસ મોટા ખાડાઓમાં પડી જાય છે, અમારા પશુઓમાં મોટી જાનહાનિ થાય છે. શિકારપુર ગામના રહેવાસી રમઝાન સુલેમાન ત્રાયા જે રેતી માફીયા તરીકે જ ઓળખાય છે, તેમના દ્વારા આ ગેરકાયદેસર ખનન ખુલે આપ કરવામાં આવી રહ્યું છે, તે સિવાય જે કોઈ દ્વારા આવું ગેરકાયદેસર કૃત્ય કરવામાં આવી રહ્યું હોય તે માધ્યમથી તાત્કાલીક



**ખનીજ માફિયા દ્વારા ખુલ્લે આમ થતું ખનન તંત્રને જ કેમ નજરે નથી પડતું ?**

ધોરણે અટકાવવાની માંગ કરતા પત્રમાં વધુમાં જણાવાયું છે કે જો સાત દિવસમાં આપના માધ્યમથી કાર્યવાહી નહીં કરવામાં આવે તો અમે ગાંધીનગર વિજીલન્સ સમક્ષ ધા નાખીશું, અરજદારોએ ખાણ ખનીજ વિભાગ, વિજિલન્સ કમિશ્નર ગાંધીનગર અને જિલ્લા કલેક્ટરને પણ પત્ર પાઠવી ત્વરિત કાર્યવાહી કરવા અપીલ કરી છે.

કચ્છમાં કોઈ તાલુકો એવો નહીં હોય જ્યાં ગેરકાયદેસર રેતી અને અન્ય ખનીજ ખનનની ફરિયાદો ન હોય, ગમે તે કારણે કચ્છનું ખાણ ખનીજ તંત્ર આવી ગેરકાયદેસર પ્રવૃતિ અટકાવવા નિષ્ફળ કે નબળું પુરવાર થઈ રહ્યું છે, કચ્છની વગદાર લોબી સામે કાર્યવાહી કરવામાં સમગ્ર તંત્ર ઉણું ઉતર્યું હોય તેવા ચિત્ર સામે હવે નાગરિકો પણ જાગૃત થતા જાય છે, અને કરછનું તંત્ર રજુઆતો છતાં કાર્યવાહી નથી કરતું તેની ફરિયાદો ગાંધીનગર સુધી પહોંચાડતા થયા છે, કહેવાય છે તેમ મુખ્યમંત્રી કાર્યાલયમાં કચ્છના તંત્રની રજે રજની માહિતી પહોંચી રહી છે અને ગમે ત્યારે ઉચ્ચ સ્તરેથી કાર્યવાહીના આદેશ છુટી શકે છે, હજુ ગઈ કાલે બુટલેગર દ્વારા પોલીસ ઉપર કાર ચડાવી હત્યાના પ્રયાસમાં બુટલેગર સાથે તેની એ ગાડીમાં મહિલા કોન્સ્ટેબલ નિકળવાનો બનાવ તાજો જ છે તેના પરથી ગુન્હાહિત તત્વોના સંપર્કોનો અંદાજ આવી શકે છે, તંત્રમાં કોઈને કોઈના આશીર્વાદ વગર ગુન્હેગારોને મોકળું મેદાન મળે નહીં તે હવે પ્રજા ભલી ભાંતિ સમજી ગઈ છે.

# ભગવાનમાં અનન્ય નિષ્ઠા અને દ્રઢ વિશ્વાસ રાખી મનુષ્ય જીવનને સાર્થક કરવું જોઈએ

ભુજ તા.૨

સ્વામિનારાયણ મંદિર, ટોરન્ટો (કેનેડા)માં બિરાજમાન સ્વામિનારાયણબાપા સ્વામીબાપા ૧૦ વર્ષ થતાં સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજની નિશ્રામાં સ્વામિ નારાયણ મંદિરમાં સ્વામીબાપાનો દશાબ્દી મહોત્સવનું ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાવનકારી દશાબ્દી મહોત્સવે સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યની નિશ્રામાં રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથ, સ્વામિ નારાયણ ગાદી ગ્રંથ, શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજી બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, રાસોત્સવ, નગરયાત્રા, સ્વામિનારાયણ બાપા સ્વામીબાપાનું ષોડશો પચારથી પૂજન, અર્ચન, અન્નકૂટ દર્શન, આરતી વગેરે આધ્યાત્મિક સભર કાર્યક્રમો યોજાયા હતા. દશાબ્દી મહોત્સવ પ્રસંગે ગેરી આનંદસાગરે (એમ.પી). અને ફેડરલ કેબિનેટ મિનિસ્ટર, જેનિફર માક કેલવીએ ડેપ્યુટી મેયર, માઈકલ કોટીયુ (એમ.પી).,



**ટોરેન્ટો, કેનેડામાં સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી પ્રતિષ્ઠોત્સવઃ ત્રિદિવસીય મહોત્સવમાં વિવિધ કાર્યક્રમો યોજાયા**

વિજય થાણીગુસલં, મેમ્બર ઓફ પ્રોવીસીનલ પાર્લિયામેન્ટ, ઝાકીર પટેલ ટીડીએસબી, ટ્રસ્ટી, કાપીઢવાજ પ્રતાપસિંહ કોન્સલ, હેડ ઓફ કૉમર્સ એન્ડ પોલિટિકલ, મજીદ બાલા લોયર તેમજ કાઉન્ટી પોલીસ વિગેરે મહાનુભાવો પણ ઉપસ્થિતરહ્યાહતા. આપ્રસંગેસ્વામિ નારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજે દિવ્ય આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, ભગવાનમાં અનન્ય નિષ્ઠા અને દ્રઢ આશરો રાખી મનુષ્ય જીવનને સાર્થક કરવું જોઈએ, તો જ જીવનમાં શાશ્વત શાંતિ, અવિચળ સુખની અને બેઠા આનંદની પ્રાપ્તિ થાય છે. આચાર્ય સ્વામી મહારાજ કેનેડા પધારતાં પહેલાં લંડનના કિંગ્સબરી ખાતેના ઈકો ફ્રેંડલી સ્વામિનારાયણ મંદિરમાં પણ દશાબ્દી મહોત્સવ યોજાયો, તેના પ્રારંભે જ્ઞાનસત્ર, ભક્તિ સંગીત, શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથ, સ્વામિ નારાયણ ગાદી ગ્રંથ, શ્રીજીસ્વયં મૂર્તિ જીવનપ્રાણ, અબજી બાપાશ્રીની સમૂહ પારાયણો તેમજ કાપડમાં ૩૦ હજાર મંત્ર લેખન કરી ઘનશ્યામ મહારાજનો સાફો બનાવવામાં આવ્યો હતો અને કાગળમાં ૬૦ હજાર મંત્ર લખી ફૂલ બનાવી તેના હાર તથા છડી બનાવીને ઠાકોરજીને અર્પણ કરાયા હતા તેમજ બોલ્ટન ખાતે પણ વિવિધ ભક્તિ સભર આધ્યાત્મિક કાર્યક્રમો યોજાયા હતા એવું મહંત ભગવત્પ્રિયદાસજી સ્વામી એ જણાવ્યું હતું

# ઘડૂલી બાલિકા પંચાયત રચના માટે રસાકસી ભરી ચૂંટણી યોજાઈ

દયાપર તા.૨

ગત તા.૩૦/૬ ના ઘડૂલી ગ્રામ પંચાયત દ્વારા બાલિકા પંચાયત રચના માટે યોજાયેલ પ્રક્રિયામાં સરપંચ પદ માટે એક કરતાં વધુ દિકરીઓએ ઈચ્છા દર્શાવતા થયેલ મતદાનમાં બાલિકા સરપંચ તરીકે હવાબાઈ કુંભાર ચુંટાઈ આવ્યા હતા. ઘડુલી સરપંચ નીલમબેન નિતિન રૂડાણીના અધ્યક્ષસ્થાને બાલિકા પંચાયતની રચના માટે આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ૮૮ જેટલી દીકરીઓ સહભાગી થઈ હતી, પ્રારંભે કાર્યક્રમનો હેતુ તેમજ બાલિકા પંચાયત રચના અંગે



રાજ્ય સરકારની ગાઈડલાઈન વિષે સેતુ અભિયાનના હીનાબેન દ્વારા કિશોરીઓને ખાસ કરીને બાલિકા પંચાયત શું છે, શા માટે બનાવવી, તેના હેતુઓ, બાલિકા પંચાયતની કામગીરી વગેરે વિષે વિસ્તારથી સમજ આપવામાં આવી હતી. ગોપાલ ભરવાડ દ્વારા બાલિકા પંચાયત બનાવવાનો ઉદેશ્ય તેમજ બાલિકા પંચાયતની મુખ્ય કામગીરીઓ વિષે સમજ અપાઈ હતી.ત્યારબાદ બાલિકા પંચાયતમાં સરપંચ સભ્ય બનવા અંગે કિશોરીઓને પુછવામાં આવતાં ચાર દીકરીઓએ સરપંચ બનવા માટે તૈયારી દર્શાવી હતી, ચર્ચા બાદ કિશોરીઓને બાલિકા પંચાયતમાં દાવેદારી નોંધાવવાના ફોર્મ ભરવા માટે સમય આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ સાત દીકરીઓએ સરપંચ માટે દાવેદાદરી નોંધાવી હતી, જોકે ત્યાર બાદ તેમાંથીબેદીકરીઓએસ્વેચ્છાએફોર્મ પરત ખેંચી લીધા હતા. અન્ય આઠ વોર્ડ માટે પણ ૧૪ દીકરીઓ દ્વારા દાવેદારી ફોર્મ ભરવામાં આવ્યા હતા જેમાંથી પાંચ વોર્ડના સભ્યો બિનહરીફ જાહેર થયા હતા તેમજ અન્ય ત્રણ વોર્ડમાં ચૂંટણી થઈ હતી.

મતદાન કઈ રીતે કરવું તે વિષે માજી સરપંચ નિતિનભાઈ તેમજ શાળાના આચાર્યએ દીકરીઓને સમજ પુરી પાડી હતી. મતદાનની કામગીરીમાં પ્રિસાઈડિંગ ઓફિસર તરીકેની જવાબદારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક દિનેશ સોલંકી તેમજ તેમની ટીમ દ્વારા સંભાળવામાં આવી હતી. મતદાનની પ્રક્રિયામાં ઘડૂલી ગામની ૧૪ થી ૨૦ વર્ષની મોટી સંખ્યામાં દીકરીઓએ પોતાના ભાવિ બાલિકા પંચાયત સરપંચ તેમજ બાલિકા પંચાયતની ટીમને ચૂંટવા માટે ઉત્સાહભેર મતદાન કર્યું હતું. તે જ દિવસે મતગણતરી કરવામાં આવતા સભ્ય તરીકે કૃષ્ણબેન ગોર, અંજુમબેન અને આશાબેન વિજેતા બન્યા હતા તેમજ બાલિકા પંચાયતના સરપંચ તરીકે હવાબાઈ કુંભારે ૩૧ મતથી જીત મેળવી હતી. ચૂંટણી પ્રક્રિયા દ્વારા વિજેતા બનેલ તેમજ બિન હરીફ તમામ ઉમેદવારોએ ભવિષ્યમાં પોતે દીકરીઓ માટે શું કરશે તે પણ જણાવાયું હતું, જે સભ્ય અથવા સરપંચ તરીકે જીતી શક્યા ન હતા તે તમામે વિજેતા ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમમાં ઘડૂલી ગ્રામ પંચાયતના સરપંચ,મહિલા સભ્યો પ્રાથમિક શાળાના શિક્ષકો, માજી સરપંચ,ગામના આગેવાનો, આંગણવાડી કાર્યકર, તલાટી, સેતુ અભિયાનની સંપૂર્ણ ટીમ હાજર રહી સંપૂર્ણ વ્યવસ્થા પરસ્પર સહયોગ દ્વારા આયોજન સફળતાથી પાર પાડ્યું હતું.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

### આજે આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ

# ગુજરાતમાં પ્લાસ્ટિક રિસાઇકલનું સૌથી મોટું ક્લસ્ટર એકમાત્ર ધોરાજીમાં !

પર્યાવરણ પર સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગના હાનિકારક પ્રભાવો વિશે જાગૃતતા વધારવા માટે દર વર્ષે આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે સમગ્ર દુનિયામાં વ્યક્તિઓ, સમુદાયો અને વ્યવસાયોને કાર્યવાહી કરવા અને પ્લાસ્ટિક બેગ પર પોતાની નિર્ભરતા ઓછી કરવા માટે એક રિમાઈન્ડર તરીકે કામ કરે છે. પ્લાસ્ટિકની થેલીઓ પ્રદૂષણ ફેલાવે છે, વન્ય જીવનને નુકસાન પહોંચાડે છે અને ડિકમ્પોઝ થવામાં સેંકડો વર્ષો લે છે, જેના કારણે ઈકો સિસ્ટમને મોટુ નુકસાન પહોંચે છે.

ગુજરાતે પ્લાસ્ટિકના કચરાનો ઉકેલ લાવવાની જરૂરિયાતને ઓળખી છે અને પ્લાસ્ટિક મેનેજમેન્ટને પ્રોત્સાહન આપવા અને તેની પર્યાવરણીય અસરને ઘટાડવા માટે ઘણી પહેલો અમલમાં મૂકી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધથી લઈને પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન અને રિસાઈક્લિંગ સંદર્ભે નીતિ વિષયક નિર્ણયોની સાથે, રાજ્યમાં હવે અલગ-અલગ જિલ્લાઓમાં પ્લાસ્ટિકના કચરાના નિકાલ અને જનજાગૃતિ માટે અવનવા પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યા છે.


જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

આ દિવસે પ્લાસ્ટિક બેગના વિકલ્પોને પ્રોત્સાહન આપવા માટે વિભિન્ન પહેલ અને અભિયાન આયોજિત કરવામાં આવે છે. જેમ કે ટકાઉ સામગ્રીથી બનેલા રિયુઝેબલ બેગ. આ વ્યક્તિઓ માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગ ત્યાગવા અને ખરીદી કે સામાન લઈ જતી વખતે પર્યાવરણ-અનુકૂળ વિકલ્પોને પસંદ કરવાની એક તક છે કેમ કે આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ પ્લાસ્ટિક કચરાને ઓછુ કરવા, પર્યાવરણની રક્ષા કરવા અને આપણા માટે વધુ ટકાઉ ભવિષ્યને પ્રોત્સાહન આપવા માટે સામૂહિક પ્રયાસોને પ્રોત્સાહિત કરે છે. દર વર્ષે ૩ જુલાઈએ આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ મનાવવામાં આવે છે.

આ પહેલ બેગ ફ્રી વર્લ્ડ અભિયાન દ્વારા શરૂ કરવામાં આવી હતી,જે એક વૈશ્વિક આંદોલન છે જેનું લક્ષ્ય સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગના ઉપયોગને ઘટાડે છે. આ અભિયાન ૨૦૦૮માં પ્લાસ્ટિક બેગના પર્યાવરણીય પ્રભાવ વિશે ચિંતિત સંગઠનો અને વ્યક્તિઓના એક જૂથ દ્વારા શરૂ કરવામાં આવ્યુ હતુ.આ પ્રકારની ઝુંબેશો, ગુજરાતમાં પર્યાવરણના જતન અને ગ્રીન ગ્રોથ માટે મહત્વપૂર્ણ બની રહી છે.વાત રાજકોટની કરીએ તો ધોરાજી તાલુકો પ્લાસ્ટિકને રિસાઈકલ કરવામાં રાજ્યભરમાં અગ્રેસર છે.ગુજરાતભરમાં પ્લાસ્ટિક રિસાઈકલનું સૌથી મોટું ક્લસ્ટર એકમાત્ર ધોરાજીમાં છે.વર્તમાનમાં ધોરાજી તાલુકામાં ૪૫૦થી વધારે ફેકટરીઓ પ્લાસ્ટિકના કચરાને રિસાઈકલ કરી દોરી- દોરડા, બોક્સ પટ્ટી, પાઈપ, સુતરી સહિતની ચીજ-વસ્તુઓ બનાવે છે. એટલું જ નહીં, અમેરિકા, બાંગ્લાદેશ અને આફ્રિકન દેશોમાં તેની નિકાસ પણ કરવામાં આવે છે.

પીએમ નરેન્દ્ર મોદીના પ્લાસ્ટિક મુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં, ગુજરાતમાં થઇ રહેલી આ પ્રકારની ઝુંબેશો એક મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ મનાવવાનો હેતુ સામૂહિક ચેતના પેદા કરવા અને વ્યક્તિઓ, સમુદાયો અને વ્યવસાયોને પ્લાસ્ટિક બેગ પર પોતાની નિર્ભરતાને ઓછી કરવા, ટકાઉ વિકલ્પોને પ્રોત્સાહન આપવા અને સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણની દિશામાં કામ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ દિવસ પર્યાવરણ, વન્ય જીવન અને માનવ સ્વાસ્થ્ય પર પ્લાસ્ટિકની થેલીઓના હાનિકારક પ્રભાવોની યાદ અપાવે છે. આ પ્લાસ્ટિક કચરાને ઘટાડવા, ટકાઉ વિકલ્પોને પ્રોત્સાહન આપવા અને પ્લાસ્ટિક બેગના ઉપયોગ સંબંધિત વ્યવહાર પરિવર્તનને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત વિશે જાગૃતતા વધારે છે. આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસના અવસરે આખી દુનિયામાં ઘણા આયોજન થાય છે. આ સંગઠન, પર્યાવરણ સમૂહ અને વ્યક્તિ લોકોને પ્લાસ્ટિક બેગના પ્રભાવો વિશે શિક્ષિત કરવા અને રિયુઝેબલ બેગ જેવા વિકલ્પોને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્રમ, કાર્યશાળાઓ અને જાગૃતતા અભિયાન આયોજિત કરે છે. સમુદાય, શહેર અને સમગ્ર દેશ આ દિવસે પ્લાસ્ટિક બેગ પ્રતિબંધ કે નિયમોમાં ભાગ લઈ શકે છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગના ઉપયોગને સીમિત કરવા માટે ઘણી નીતિઓ લાવવામાં આવી શકે છે.

સ્વયંસેવી સમૂહ અને પર્યાવરણ સંગઠન ઘણી વખત સમુદ્ર કિનારા, પાર્ક અને અન્ય પ્રાકૃતિક વિસ્તારોથી પ્લાસ્ટિકની થેલીઓને એકત્ર કરવા અને હટાવવા માટે સફાઈ અભિયાન ચલાવે છે, જ્યારે વ્યવસાય અને છુટક વેપારી ખરીદી વખતે પોતાની સાથે રિયુઝેબલ બેગ લાવતા ગ્રાહકોને છુટ અને પ્રોત્સાહન રજૂ કરે છે, જેનાથી ટકાઉ વિકલ્પોના ઉપયોગને પ્રોત્સાહિત કરી શકાય. સ્કુલ, યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થા આ દિવસનો ઉપયોગ વિદ્યાર્થીઓને પ્લાસ્ટિક બેગના પર્યાવરણીય પ્રભાવો અને પ્લાસ્ટિક કચરાને ઘટાડવાના મહત્વ વિશે શિક્ષિત કરવાની તક તરીકે કરે છે મારી વિનંતી છે કે હવે ખરીદી કરવા જાવ તો જુઉટ બેગ કે કાપડ ની થેલી લઈને જાવ ને જાવ અને પ્રદુષણ ઓછું કરવામાં યોગદાન આપો તેવી અપીલ છે .

## કચ્છના ગામની મહિલાઓ પણ અગ્રેસર

ભુજ તાલુકાના અવધનગર ગામે, અવધનગરના કુળદેવી કૃપા સખી મંડળની મહિલાઓ અને તેમની સાથે કચ્છના અન્ય ગામોથી જોડાયેલી મહિલાઓ ઘરે ઘરે જઇને વેસ્ટ પોલિથીન એકત્ર કરે છે, અને તેમાંથી વણાટકામ મારફતે અવનવી ચીજો બનાવીને રોજગારી મેળવી રહી છે. આત્મનિર્ભર મહિલા બનવાની સાથે તેઓ પર્યાવરણને બચાવવાનું પણ કામ કરી રહી છે. આ ઝુંબેશમાં રોજ વધુને વધુ મહિલાઓ જોડાતી જઇ રહી છે.આ સખી મંડળના પ્રમુખ રાજીબેન વણકર છે, જેઓ અન્ય મહિલાઓને પ્રેરણા આપી રહ્યાં છે. અત્યારે ૬૦ મહિલાઓ તેમાં સામેલ છે. મહિલાઓને પ્લાસ્ટિક એકત્ર કરીને તેનું કટિંગ કરવા અને તેને ધોવા માટેનું મહેનતાણું ચૂકવવામાં આવે છે. પ્લાસ્ટિક વીણતા બહેનોને પણ પ્રતિ કિલો રૂપિયા ૧૫ આપવામાં આવે છે. અમુક મહિલાઓ વણાટકામ કરી કાપડ બનાવવાનું કામ કરે છે. તેઓ પર્સ, થેલા, હેન્ડ પર્સ, વોલેટ, ચશ્માના કવર, ટ્રે, ફોલ્ડર, લેપટોપ બેગ વગેરે વસ્તુઓ બનાવે છે. દરેક બહેનને તેના કામ મુજબ મહેનતાણું આપવામાં આવે છે. રાજીબેન કહે છે કે સરકાર દ્વારા આર્થિક તથા માર્કેટીંગ સહિતની જે સહાય આપવામાં આવે છે તેના કારણે મહિલાઓને સ્વનિર્ભર બનવા સ્વબળ મળે છે. બાયોડીગ્રેડેબલ અને પ્લાસ્ટિક વેસ્ટના ક્ષેત્રે રાજીબેનની કામગીરીની કદરરૂપે તાજેતરમાં જ તેઓને દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# નખત્રાણાનો ‘નાયગ્રા’ પાલરધુના ધોધ ચોમાસામાં નિહાળવા જેવો છે



### પુંઅરેશ્વરથી બે કી.મી. અંતરે આ રમણીય સ્થળે પહોંચવા કાચો રસ્તો સુધારવા કોઈએ તસ્દી નથી લીધી



આણંદપર(યક્ષ)તા.૨

ભુજ-નખત્રાણા હાઈવે પર પુઅરેશ્વર મંદિરની સામે બે કિલોમીટર અંદર આવેલ પાલરઘુના(નાયેગ્રા ફ્લો) જે વરસાદ પડતા એક રમણીય રીતે ખીલી ઉઠે છે, વરસાદ બાદ અહીં અનેક રમણીય દ્રશ્યો જોવા મળતા હોય છે, વરસાદ બાદ ચોવીસ કલાક જેટલો સમય પાણીનો ધોધ વહેતો હોય છે, આ ધોધને નિહાળવા નજીકના તાલુકાના લોકો સાથે છેવાડાના લખપત,અબડાસા અને રાપર તાલુકાના લોકો પણ એક રમણીય નજારો જોવા છે.

આ પાલરઘુના ધોધ ભુજ-નખત્રાણા હાઈવે નજીક આવેલા પુઅરેશ્વર મહાદેવ મંદિરની સામે બે કિલોમીટર અંદર આવેલો છે, આ બે કિલો મીટરનો રસ્તો કાચો અને બિસમાર હોવાથી વરસાદ પડવાથી કાદવ-કીચડવાળો થઈ જવાના કારણે ત્યાં પહોંચવા નાના મોટા વાહન ચાલકોના નાકે દમ આવી જાય છે,આજુબાજુના ગામના જાગૃત નાગરિકો દ્વારા તંત્રને રજુઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા આ બિસમાર રસ્તાને સુધારવાની કોઈ તસ્દી લીધી નથી ચોમાસા દરમ્યાન કીચડ થઈ જતા ટુ વ્હીલર વાહનો સ્લીપ મારી જવાના કારણે નાના મોટા અકસ્માત હોય છે, તંત્ર રસ્તાને સી.સી.રોડ બનાવે તેવી લોકોની માંગણી છે.

નખત્રાણા તાલુકાના પપાલરઘુનાને પ્રવાસનધામ તરીકે વિકસાવાય તો કચ્છને એક નવા નજરાણાની ભેટ મળી શકે તેમ છે. આ પાલરઘુના ના પ્રવાહનું ઉદગમ સ્થાન મંગવાણા નજીક આવેલ નનામો ડુંગર છે, જે પ્રવાહ લાખાડી અને પુઅરેશ્વર મંદિર નજીકથી પસાર થાય છે આગળ જતા જળ પ્રવાહ વેદડી નદી બનીને પાલરઘુના ઉપર ધોધ બનીને વહે છે.

પાલરઘુનાની આજુબાજુ દેશી વૃક્ષો અને છાંયડા આપતા વૃક્ષોનું વાવેતર અને જતન કરવામાં આવે તો આ વિસ્તાર રમણીય પિકનિક સ્થળ બની શકે તેમ છે. પાલરઘુના પછીનો તટ વિસ્તાર પણ અતિ દર્શનીય છે.અહીં જવા માટે માર્ગના અભાવે પ્રકૃતિપ્રેમીઓને ત્યાં પહોંચવું મુશ્કેલ બને છે. કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ધોધને ફરતે તંત્ર દ્વારા જાળી બાંધવી જોઈએ જેથી અહીં આવતા પ્રવાસીઓની સલામતી બની રહે, તેવી અહીં મુલાકાતે આવતા લોકોની લાગણી છે.

# રાહુલ ગાંધીના નિવેદન બાદ કચ્છમાં પણ ભાજપ દ્વારા ઠેરઠેર વિરોધ

### ભુજમાં ભાજપ દાયકાઓ બાદ રસ્તા પર વિરોધ માટે દેખાયુ ભુજમાં કોંગ્રેસ કાર્યાલય જઇ વિરોધ નોંધાવ્યો નારેબાજી કરી તો માંડવીમાં રાહુલના પુતળાનુ દહન કરવામાં આવ્યુ





ભુજ, તા.૨

એક સમય હતો જ્યારે ભાજપ રસ્તાઓ પર ઉતરી વિરોધ કરતુ મોંઘવારી સહિતના મુદ્દે ભાજપ પણ એક સમયે વિરોધ કરતુ પરંતુ હવે ચોક્કસ બાબતોને લઇ ભાજપ વિરોધ માટે રસ્તા પર ઉતર્યુ હોય તેવુ ભાગ્યેજ બન્યુ છે પરંતુ રાહુલ ગાંધી દ્વારા હિન્દૂ સમાજ સામે વિવાદિત ટિપ્પણી કરાયા મામલે સમગ્ર દેશમાં જે રીતે વિરોધ થઇ રહ્યો છે. તેની અસર ભુજમાં પણ જોવા મળી હતી. ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતુ જેમા. જિલ્લા યુવા ભાજપના સભ્યો અને પક્ષના અગ્રણીઓ ભુજના સ્ટેશન રોડ ખાતે આવેલા કોંગ્રેસ કાર્યાલય પહોચ્યા હતા અને નારેબાજી કરી વિરોધ વ્યક્ત કર્યો હતો.એક સમયે વિરોધના પગલે પોલીસનો ચુંસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. હિન્દૂ સમાજ કા યહ અપમાન નહિ સહેગા હિન્દુસ્તાન જેવા નારાઓ સાથે વિવાદિત નિવેદન પર રાહુલ ગાંધી માફી માંગે એવી માંગ પણ કરવામાં આવી હતી આ સાથે ભુજ ઉપરાંત માંડવી સહિત કેટલાક તાલુકા મથકો પર પણ આ વિરોધ જોવા મળ્યો હતો. જેમાં માંડવીમા પુતળા દહન કરી ભાજપના કાર્યકરો એ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. આજે સંસદથી લઇ સડક સુધી ભારે વિરોધ જોવા મળ્યો હતો જેમાં ક્યાક હિંસક તો ક્યાક સુત્રોચ્ચાર સાથે ભાજપના કાર્યકરોએ વિરોધ કર્યો હતો તો ગુજરાતમાં હિન્દુ સંગઠનો પણ આ મામલે ઉગ્ર જોવા મળ્યા હતા. ભુજમાં ભાજપના વિરોધ બાદ કોગ્રેસની કોઇ પ્રતિક્રિયા સામે આવી નથી પરંતુ કોગ્રેસના એક કાર્યકરે ભાજપની નારેબાજી સામે કોગ્રેસી નેતા રાહુલ ગાંધીના સમર્થનમા નારા લગાવ્યા હતા. જો કે પોલીસના બંદોબસ્ત વચ્ચે વિરોધ કરી ભાજપ ત્યાથી જતુ રહ્યુ હતુ પરંતુ તે પહેલા ભાજપ રેલી સ્વરૂપે ત્યા પહોંચ્યુ હતુ અને વિરોધ નોધાવ્યો હતો. શહેર ભાજપ, કાઉન્સીલર મહિલા મોર્ચા સહિત ભાજપના સીનીયર આગેવાનો પણ વિરોધમાં જોડાયા હતા.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

## અંજારમાં ૩૮ બોટલ સાથે શખ્શ ઝડપાયો

અંજાર તા.૨

શહેર વિસ્તારમાંથી પોલીસે મળેલી બાતમીના આધારે રેઈડ કરી એક ઈસમને ૩૮ દારૂની બોટલ ઝડપી પાડ્યો હતો. દારૂને નાબુદ કરવા મળેલી સુચના અન્વયે ના.પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ, ઈન્સ્પેક્ટર એ.આર.ગોહિલ દારૂની બદી નાબૂદ કરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી આવી પ્રવૃત્તિ કરતા ઈસમો પર સ્ટાફના માણસો તથા ખાનગી બાતમીદારો મારફતે સતત વોચ રાખી રહ્યા હતા તે દરમ્યાન ખાનગી રાહે મળેલી બાતમી આધારે ધૃવ દિનેશ ભટ્ટ ને ત્યાં મ.ન.૬૮, રામકૃષ્ણા મહાવીરનગર ખાતે રેઈડ કરી વિદેશી દારૂની બોટલો નંગ-૩૮, કિ.રૂ.૨૯, ૯૦૦ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## અપહરણ ગુનાનો આરોપી અને ભોગ બનનારને રાપર પોલીસે ઝડપી લિધા



ગાંધીધામ તા.૨

ભુજ તાલુકાના પધ્ધર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ અપહરણ તથા પોકસોના ગુના ના આરોપી તથા ભોગ બનનારને રાપર પોલીસે પકડી પાડયા છે.

નાસ્તા ફરતા આરોપી શોધી કાઢવા પોલીસ ઈન્સપેક્ટર જે.બી.બુબડીયા તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.ઈન્સ શ્રી બુબડીયાએ મળેલી બાતમી આધારે પધ્ધર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના ના આરોપી

કરણ અમરશી સોઢા ઉ.વ-૨૧ (રહે.રાપર) ને તેમજ ભોગ બનનાર બન્નેને પકડી પાડી પધ્ધર પો.સ્ટે ને આરોપી તથા ભોગ બનારનો કબ્જો સંભાળી લેવા જાણ કરેલ હતી.

# ગુજરાતમાં સીઝનનો ૧૭.૮૫ તો સૌરાષ્ટ્રમાં ૨૮.૮૨ ટકા વરસાદ નોંધાયો

### સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ-વંથલીમાં ૧૪ ઈંચ, વિસાવદરમાં ૧૩ ઈંચ અને જૂનાગઢ શહેરમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો



અમદાવાદ, તા.૨

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૨/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૩ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૩૨ તાલુકાઓ એવા છે કે જેમાં ૦૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ ઉપરાંત બારડોલી તાલુકામાં ૨૩૯ મી.મી., ખંભાળિયામાં ૨૨૯ મી.મી., માણાવદર ૨૨૪ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં નવ ઈંચથી વધુ, નવસારી તાલુકામાં ૨૧૪ મી.મી., કલ્યાણપુર તાલુકામાં ૨૦૦ મી.મી., જલાલપોર તાલુકામાં ૧૯૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં આઠ ઈંચથી વધુ જ્યારે પલસાણામાં ૧૯૦ મી.મી., મેંદરડામાં ૧૮૩ મી.મી., ધોરાજીમાં ૧૭૮ મી.મી., મહુવામાં ૧૭૬ મી.મી., મળી કુલ ચાર તાલુકાઓમાં સાત ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત ભેંસાણ તાલુકામાં ૧૭૦ મી.મી., માળિયા મીયાણામાં ૧૬૧ મી.મી., મળી કુલ બે તાલુકામાં છ ઈંચથી વધુ, જ્યારે રાજુલામાં ૧૩૯ મી.મી., મોરબીમાં ૧૩૮ મી.મી., તાલાળામાં ૧૩૭ મી.મી., મહુવા ભાવનગર ૧૩૭ મી.મી., ગીર ગઢડામાં ૧૩૪ મી.મી., ઉનામાં ૧૨૨ મી.મી., મળી કુલ છ તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત કુતિયાણા, બગસરા, માંગરોળ, કોડીનાર, વાલોડ, દ્વારકા, ખાંભા, જામજોધપુર અને વલસાડ મળી કુલ નવ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ, જ્યારે ઓલપાડ સુરત શહેર, ભાણવડ, હાંસોટ, ગણદેવી, કામરેજ, જેતપુર, કાલાવડ, ઉપલેટા, રાણાવાવ, સુત્રાપાડા, માંડવી, કુકાવાવ, અંકલેશ્વર, જામનગર, ખેરગામ, વાપી અને વ્યારાને મળી કુલ ૧૮ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ જ્યારે ટંકારા, જામકંડોરણા, કપરાડા, જોડીયા, ધારી, ભરૂચ, હળવદ, પોરબંદર, ચીખલી, જેશર, જાફરાબાદ, સોનગઢ, ઉમરગામ, લાલપુર, ઉમરપાડા, માંગરોળ, અમરેલી અને ડોલવણ મળી કુલ ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજ્યના ૪૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૩૯ તાલુકામાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યમાં ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૮૫ ટકા નોંધાયો છે, જેમાં સૌરાષ્ટ્રમાં ઝોનમાં ૨૮.૮૨ ટકા, કચ્છમાં ૨૫.૧૦ ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં ૧૦.૯૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

# મનસુખ સાગઠિયાની ઓફિસ માંથી મળ્યો કરોડોનો ખજાનો

રાજકોટ, તા.૨

રાજકોટ અગ્નિકાંડને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર (ટીપીઓ) મનસુખ સાગઠિયાની ઓફિસનું સીલ ખોલતા જ તેમાથી કરોડોનો ખજાનો એસીબીને હાથે લાગ્યો હતો. મળતી માહિતી અનુસાર, રાજકોટ અગ્નિકાંડને લઈને એસઆઈટી ની તપાસ ચાલી રહી છે. ત્યારે હવે એક નવો જ ઘટસ્ફોટ થયો છે. જેમાં પૂર્વ ટીપીઓ સાગઠિયાની ઓફિસનું સીલ એસીબીની ટીમ દ્વારા તોડી નાખવામાં આવ્યું હતું. આ સીલ ખોલતા જ ઓફિસમાંથી કરોડો રૂપિયા નો દલ્લો મળ્યો હતો. એસીબીને ઓફિસમાંથી પાંચ કરોડ રૂપિયા રોકડા અને ૧૫ કિલો સોનું હાથ લાગ્યું હતું. આગાઉ રાજકોટ અગ્નિકાંડના મુખ્ય આરોપી એમ.ડી. મનસુખ સાગઠિયા ની તપાસમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ચોંકાવનારા ઘટસ્ફોટ કરવામાં આવ્યા હતા. ACB દ્વારા ચાલતી તપાસમાં સાગઠિયા પાસેથી ૧૦.૫૫ કરોડ રૂપિયા ની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. આ મામલે તેની સામે ગેર-કાયદેસર મિલકત મેળવવાનો ગુનો નોંધ્યો છે. આરોપી સાગઠિયા પાસેથી તેની કાયદેસર આવક કરતાં ૪૧૦% વધુ સંપત્તિ મળી આવી છે. સાગઠિયા એ રાજકોટ અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં ભારે રોકાણ કર્યું હતું, જેમાં રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિ ગ્રામમાં વિલાનો સમાવેશ થાય છે.

કચ્છના ઝડપથી વિકસતા
ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'
દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.
+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM
SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH

# અમલી થયેલા નવા કાયદા અંગે રાપર તથા અંજાર પોલીસ દ્વારા જન જાગૃતિ સેમિનાર યોજાયો





રાપર તા.૨

ગઈ કાલથી અમલમાં આવેલા ત્રણ નવા કાયદાની પોલીસ સમજ અને માહિતી આપવા એક કાર્યક્રમનું આયોજન સરહદી ખડીર પોલીસ મથકે કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં ખડીર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા તમામ ગામોના લોકો હાજર રહ્યા હતા, જિલ્લાના પોલીસ વડા દ્વારા અપાયેલ સુચના અનુસુંધાને ખડીર પોલીસ ઈન્સ્પેક્ટર ડી.જી.પટેલ તથા પોલીસ સ્ટાફ દ્વારા અમલમાં આવેલ ત્રણેય નવા કાયદાઓ અંગે સમીક્ષા સાથે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી, જેમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની વિવિધ જોગવાઈઓથી માહિતગાર કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં સાયબર ક્રાઈમ અવેરનેસ હેલ્પલાઈન નંબર ૧૯૩૦, ટ્રાફીક અવેરનેસ, નાર્કોટિક્સ ડ્રગ્સ હેલ્પલાઈન નંબર ૧૯૦૮ અને વ્યાજ ખોરો વિરુદ્ધ પોલીસ અભિયાન અંગે પણ લોકોને જાણકારી અપાઈ હતી.

તો બીજી તરફ અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશના નવા કાયદાના અમલીકરણ માટે જન જાગૃતી સેમીનારનું અંજાર પોલીસ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સરહદી રેન્જ પોલીસ મહાનિરિક્ષક ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર નાયબ પોલીસ અધિક્ષક અંજાર વિભાગ એમ.પી. ચૌધરીએ દેશમાં તા.૦૧/૦૭ થી અમલમાં આવેલ નવા કાયદાઓની લોકોને માહિતી મળે અને કાયદા પ્રત્યે લોકો જાગૃતથાય તે અનુસંધાને અલગ અલગ સેમીનાર કાર્યક્રમો યોજવા આપેલી સુચના અન્વયે પી.આઈ. એ.આર. ગોહીલના માર્ગદર્શન હેઠળ ટાઉન હોલ અંજાર ખાતે, પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કર્મચારીઓ તથા અંજાર પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી અલગ અલગ વિસ્તારના લોકો તથા આગેવાનોને બોલાવી આ નવા કાયદા BNS, BNSS, BSA ના અમલ બાબતે અંજાર પોલિસ દ્વારા આયોજિત જન જાગૃતિકાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ તથા બાર એસોસીયેશનના પ્રમુખ એડવોકેટ સામતભા ગઢવી વિગેરેએ આ કાર્યક્રમમાં ઉપસ્થીત રહી લોકોને નવા કાયદા બાબતે અલગ અલગ વિસ્તૃત સમજ તેમજ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. અમલી થયેલા નવા કાયદા અંગે અંજાર પોલીસ દ્વારા જન જાગૃતિ સેમિનાર યોજાયો. એક તારીખથી નવો કાયદો અમલમાં આવવાનો છે. ત્યારે પોલીસ કર્મચારીઓ માટે પણ અલગ-અલગ સ્થળે કાયદાની સમજ માટે તાલિમ યોજાઇ હતી ત્યારે હવે પોલીસ દ્વારા લોકોને પણ આ કાયદાની સમજ આપવા માટે કાર્યક્રમો યોજાઇ રહ્યો છે. અંજાર,રાપર બાદ કચ્છના અલગ-અલગ વિસ્તારોમા પોલીસ દ્વારા કાયદાની સમય અંગે આવા કાર્યક્રમો યોજાશે જેથી લોકોને કોઇ ગેરસમજ કે જાણકારીનો અભાવ ન રહે.